dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -08 | Issue- 157 | AD - 2025, Fagan Sud - 13 | Wednesday, Dt.12-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### બલુચ બળવાખોરના હુમલા બાદ આ વિસ્તારની તમામ હોસ્પિટલોમાં કટોકટી જાહેર કરી દેવાઈ

## પાકિસ્તાનમાં બલુચ બળવાખોરોએ ૧૮૨ મુસાફરો સાથેની ટ્રેનનું અપહરણ કર્યું, ૧૧ સૈનિકોને ઠાર માર્યા

ઈસ્લામાબાદ,તા.૧૧

પાકિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મી (બીએલએ) એ મંગળવારે એક પેસેન્જર ટ્રેનનું અપહરણ કર્યું હતું. બીએલએએ દાવો કર્યો હતો કે તેમની સેનાએ જાફર એક્સપ્રેસનું અપહરણ કર્યું હતું અને ૧૮૨ મુસાફરોને બંધક બનાવ્યા હતા. આ ટ્રેન ક્વેટાથી પેશાવર જઈ રહી હતી. પાકિસ્તાની અખબાર ધ ડોને બલુચિસ્તાન સરકારના પ્રવક્તા શાહિદ રિંદને ટાંકીને આ અહેવાલ આપ્યો છે. ક્વેટાથી પેશાવર જતા જાફર એક્સપ્રેસમાં પેહરો કુનરી અને ગડલર વચ્ચે ભારે ગોળીબારના અહેવાલો છે, શાહિદે જણાવ્યું. આ દરમિયાન ૧૧ સૈનિકોના મોત થયા છે.



શાહિદના મતે, આ ટ્રેનમાં ૫૦૦ લોકો છે. બીએલએએ ચેતવણી આપી છે કે જો તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે તો તેઓ ૧૮૨ બંધકોને મારી નાખશે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, BLA એ જાફર એક્સપ્રેસ ટ્રેન પર હુમલો કર્યો, જેમાં ટ્રેન ડ્રાઈવર ઘાયલ થયો. આ હુમલા બાદ વિસ્તારની તમામ હોસ્પિટલોમાં કટોકટી જાહેર કરવામાં આવી છે. એક નિવેદનમાં, બીએલએએ જણાવ્યું હતું કે અમારા લડવૈયાઓંએ મશ્કાફ, ધાદર અને બોલાનમાં આ ઓપરેશનની યોજના બનાવી છે. રેલ્વે ટ્રેક ઉડાવી દેવામાં આવ્યો છે, જેના કારણે જાફર એક્સપ્રેસ રોકાઈ ગઈ છે. આ પછી અમારા લડવૈયાઓએ આ ટ્રેન કબજે કરી અને મુસાફરોને બંધક બનાવી લીધા. બંધકોમાં પાકિસ્તાન આર્મી, પોલીસ, આતંકવાદ વિરોધી દળ અને ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સના એજન્ટો શામેલ હતા જેઓ પંજાબ જઈ રહ્યા હતા. જો કોઈ પણ પ્રકારની લશ્કરી હસ્તક્ષેપ થાય, તો બધા બંધકોને મારી નાખવામાં આવશે.આરોપીઓએ રેલ્વે ટ્રેક પર વિસ્ફોટ કરીને ટ્રેનનું અપહરણ કર્યું છે. બંધકોમાં ઘણા પાકિસ્તાની સૈન્ય અધિકારીઓ પણ સામેલ છે. મુસાફરોને બંધક બનાવવામાં આવ્યા છે. બીએલએ અને પાકિસ્તાની સેના વચ્ચેની અથડામણમાં ૧૧થી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ છે.રેલ્વે અધિકારીઓનું કહેવું છે કે જાફર એક્સપ્રેસમાં ૯ કોચ છે. અમે મહિલાઓ, બાળકો અને બલૂચ યાત્રાળુઓને છોડી ગયા છીએ અને ફક્ત પાકિસ્તાની સુરક્ષા દળના કર્મચારીઓને બંધક બનાવવામાં આવ્યા છે. આ ઓપરેશનનું નેતૃત્વ BLAના ફિદાયીન યુનિટ અને મજીદ બ્રિગેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે જેને ફતેહ સ્ક્વોડ, STOS અને જીરાબ ઈન્ટેલિજન્સ વિંગ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. જો અમારા વિરુદ્ધ કોઈ લશ્કરી કાર્યવાહીનો પ્રયાસ કરવામાં આવશે, તો અમે બધા બંધકોને મારી નાખીશું. આ હત્યાકાંડ માટે પાકિસ્તાની સેના જવાબદાર રહેશે. ૧૪ નવેમ્બરના રોજ ક્વેટા રેલ્વે સ્ટેશન પર થયેલા વિસ્ફોટમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. ૫૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. ત્યારે પણ આતંકવાદી જૂથ બલૂચ લિબરેશન આર્મી એ હુમલાની જવાબદારી લીધી હતી. બીએલએના પ્રવક્તા જીયાંદ બલોચે કહ્યું કે જો પાકિસ્તાની સેના કે અન્ય કોઈ સુરક્ષા દળ કોઈ કાર્યવાહી શરૂ કરશે તો બધા બંધકોને મારી નાખવામાં આવશે. જીયાંદ બલોચે કહ્યું કે,બીએલઅ બલોચ લિબરેશન આર્મીએ બોલાનના ધાદરના મશ્કાફમાં એક આયોજિત ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. જ્યાં આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ રેલ્વે ટ્રેક ઉડાવી દીધો હતો, જેના કારણે જાફર એક્સપ્રેસ રોકાઈ ગઈ હતી. આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ ઝડપથી ટ્રેનનો કબજો મેળવી લીધો અને બધા મુસાફરોને બંધક બનાવી લીધા. બીએલએએ સ્પષ્ટપણે ચેતવણી આપી છે કે જો કબજે કરનારી સેના (પાકિસ્તાન સેના) કોઈપણ પ્રકારની લશ્કરી કાર્યવાહીનો પ્રયાસ કરશે તો તેને ગંભીર પરિણામો ભોગવવા પડશે. બધા સેંકડો બંધકોને મારી નાખવામાં આવશે, પાકિસ્તાનની તમામ હોસ્પિટલોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. શિબ્બી હોસ્પિટલમાં કટોકટી જાહેર કરવામાં આવી છે.

## પ્રધાનમંત્રી મોદી મોરેશિયસ પહોંચ્યા, આજે રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ

ન્યુ દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના રાજકીય પ્રવાસે મોરેશિયસ પહોંચી ગયા છે. તેઓ ત્યાં ૧૨ માર્ચે મોરેશિયસના ૫૭માં રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સામેલ થશે. એરપોર્ટ પર મોરેશિયસના PM નવીનચંદ્ર રામગુલામે તેમનું સ્વાગત કર્યું હતુ. PM મોદીએ X પર પોસ્ટ કરીને સ્વાગત માટે મોરેશિયસના PM નો આભાર વ્યક્ત કર્યો. તે બાદ મોદી પોર્ટ લુઈસમાં પોતાની હોટલ પહોંચ્યા. જ્યાં ભારતીય પ્રવાસીઓએ 'ભારત માતા કી જય' ના સૂત્રોચ્ચાર સાથે તેમનું સ્વાગત કર્યું અને તિરંગા લહેરાવ્યા હતા. ભારતિયોને જોઈને પ્રધાનમંત્રી મોદીએ તાલીઓ પાડી અભિવાદન ઝીલ્યુ હતુ.

















# લોકો પાયલોટની સતર્કતાથી ગાધકડા - સાવરકુંડલા વચ્ચે માલગાડીની હડફેટે સિંહ પરિવાર બચ્યો

ભાવનગર,તા.૧૧

ભાવનગર ડિવિઝનના સીનીયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર માશૂક અહમદે જણાવ્યું હતું કે, તા.૧૧ના રોજ, લોકો પાયલોટ જીતેન્દ્ર પાંચાલ અને વરિષ્ઠ સહાયક લોકો પાયલોટ જીતેન્દ્ર જાદૌન ગાધકડા-સાવરકુંડલા સેક્શનમાં કિમી સં. ૭૧/૦૧-૭૧/૦ ની વચ્ચે, જ્યારે એક સિંહ અને ત્રણ સિંહના



બચ્ચા રેલ્વે ટ્રેકની નજીક દેખાયા, ત્યારે માલગાડીને ઈમરજન્સી બ્રેક લગાવીને રોકવામાં આવી હતી. ટ્રેન મેનેજર (ગાર્ડ)ને લોકો પાયલટ દ્વારા જાણ કરવામાં આવી હતી. ફોરેસ્ટ ટ્રેકર અન્સાર શાયરા દ્વારા ટ્રેક સાફ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, જ્યારે તમામ સ્થિતિ સામાન્ય જોવા મળી, ત્યારે લોકો પાઈલટને ફોરેસ્ટ ગાર્ડ/ટ્રેકર દ્વારા પ્રસ્થાન કરવાનું કહેવામાં આવ્યું ત્યારપછી ટ્રેનને લોકો પાયલોટ દ્વારા કાળજીપૂર્વક ગંતવ્ય સ્થાન તરફ લઈ જવામાં આવી હતી. સિંહપરિવારને બચાવવા બદલ લોકો પાયલોટને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અમરેલી જિલ્લાંમાં સુર્યનારાયણ આકરા મીજાજે, બપોરના સમયે કુદરતી કર્ફ્યુ

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લામાં છેલ્લાં બે દિવસથી ગરમીએ બોકાસો બોલાવ્યો છે. જિલ્લામાં બપોરના સમયે ભીષણ ગરમી પડી રહી છે જેના કારણે બજારો સુમસામ ભાસી રહી છે. હવામાન ખાતાની આગાહી મુજબ હજુ ભારે ગરમી પડવાની આગાહી વ્યકત કરવામાં આવી રહી છે. લોકો ગરમીથી



બચવા માટે માથે અને મોઢે રૂમાલ બાંધીને ફરે છે. શહેરી વિસ્તારમાં લોકો બિનજરૂરી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ઠંડા પીણાં, શેરડીનો રસ, લીંબુ શરબત, બરફ અને તરબૂચનું વેચાણ વધ્યું છે.વાહન ચાલકો પર ગરમીની સીધી અસર જોવા મળી રહી છે. ખાસ કરીને બાઈક જેવા નાના વાહનો ચલાવનારા લોકો હવે સાંજના સમયે જ બહાર નીકળવાનું પસંદ કરે છે. હવામાન વિભાગે હીટવેવની આગાહી કરી છે અને લોકોને પોતાના આરોગ્યનું ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી છે.

# બગસરા પંથકમાં સગી દિકરી પર દુષ્કર્મ આચરનાર નરાધમ પિતાને જેલહવાલે કરાયો

બગસરા, તા.૧૧

બગસરા પંથકમાં એક ભદ્ર સમાજની સગીર દિકરી પર સગા બાપે નજર બગાડી છેલ્લાં બે માસથી દુષ્કર્મ આચરવામાં આવતુ હોવાની નરાધમ પિતાની બહેને બગસરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી જેથી પોલીસે નરાધમની ધરપકડ કરી જેલહવાલે ધકેલી દીધો છે. માતાના છુટાછેડા થઈ ગયા બાદ પિતાએ સગ્ગી દિકરી પર નજર બગાડી હતી અને વારંવાર દિકરી પર દુષ્કર્મ આચર્યુ હતુ. આ ઘટનાની જાણ સગીરાએ તેમના ફઈને કરતા ફઈએ તેના ભાઈ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે નરાધમ પિતાની ધરપકડ કરી જેલહવાલે ધકેલી દીધો હતો. નરાધમ પિતાની આવી હરકતથી સમગ્ર સમાજ ફીટકાર વરસાવી રહ્યો છે.

# મોંઘીબા મહિલા કૉલેજમાં વિશ્વ મહિલા દિવસે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા-સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ, અમરેલીમાં તા. ૦૮/૦૩/૨૦૨૫ના રોજ 'વિશ્વ મહિલા દિવસ' નિમિત્તે 'ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજની ૧૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનાર





વિદ્યાર્થિનીઓએ ચારિત્ર્ય નિર્માણ, ભારતીય સંવિધાન, વિકસિત ભારત ભારતીય સંસ્કૃતિનો પાયો વગેરે વિષયો પર પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં હેમાદ્રી એચ. જોશી પ્રથમ ક્રમે, સુનેરા એ. પઠાણ દ્વિતીય ક્રમે અને મિતાર્થી એસ. જોશી તૃતીય ક્રમે વિજેતા થયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ગુજરાતી વિભાગના ડૉ. નિરૂપાબેન ટાંક અને હિન્દી વિભાગનાં ડૉ. અરવિંદકુમાર ઉપાધ્યાયે ઉત્તમ સેવા આપી હતી. વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન અને સંચાલન ડૉ. વિલાસબેન સોરઠિયાએ કર્યું હતું. સ્પર્ધાને સફળ બનાવવામાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. બી.આર. ચુડાસમા, તમામ સ્ટાફનો સહકાર પ્રાપ્ત થયો હતો.

# ધારીના પાતળા ગામે યુવકનો કાઠલો પકડી માર માર્યો

ધારી, તા.૧૧

ધારીના પાતળા ગામે એક યુવકને કાઠલો પકડીને માર મારવામાં આવ્યો હતો.બનાવ અંગે રાજુલામાં રહેતા મહિપતભાઈ વાલાભાઈ ધાખડા (ઉ.વ.૩૦) એ જાફરાબાદની બાલાની વાવમાં રહેતા સંજયભાઈ જગુભાઈ વરૂ, પહુભાઈ મધુભાઈ વરૂ, મયુરભાઈ ભાભલુભાઈ વરૂ, યુવરાભાઈ ધીરૂભાઈ વરૂ તથા રાજદિપભાઈ જીલુભાઈ વરૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈ શિવરાજભાઈ ઉર્ફે શિવાભાઈ તેની બ્રેજા કાર લઈને પાતળા ગામે ગયા હતા. આરોપીએ પોતાની થાર ગાડી આડી ઉભી રાખી પથ્થર માર્યો હતા. તેમજ તેના ભાઈને જેમ ફાવે તેમ બિભત્સ ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી અને કાઠલો પકડીને માર માર્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ એચ વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજના: લાભ મેળવવા ઉમેદવારોએ તા.૧૨ માર્ચ સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૧૧

દેશની ટોચની ૫૦૦ કંપનીઓમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજના અમલી છે. આ યોજના અંતર્ગત ધો.૧૦, ધો.૧૨, આઈ.ટીઆઈ. ડિપ્લોમા તથા ગ્રેજ્યુએટની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૨૧-૨૪ વર્ષની વય ધરાવતા, ફૂલ ટાઈમ નોકરી કે અભ્યાસ કરતા ના હોય તેવા રોજગાર ઈચ્છુક ઉમેદવારોને ૧૨ માસ માટે દેશની ટોચની ૫૦૦ કંપનીમાં વિનામૂલ્યે ઈન્ટર્નશીપનો લાભ મળી શકે છે. આ યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તેવા રોજગારવાંચ્છુ ઉમેદવારોએ તા.૧૨ માર્ચ સુધીમાં www.pminternship.mca.gov.in પર ઓનલાઈન અરજી કરી રજિસ્ટ્રેશન કરાવવું. અરજી કરતા સમયે આધાર કાર્ડ અને શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો સાથે રાખવા. આ યોજનામાં પસંદ થતા ઉમેદવારોને ૧૨ મહિના સુધી ઈન્ટર્નશીપ કરવાની તક મળે છે. ઈન્ટર્નને, કેન્દ્ર સરકાર દ્વારા માસિક રૂ.૪૫૦૦ અને કંપની દ્વારા રૂ.૫૦૦ની રકમ ચૂકવવામાં આવશે. એક વખત માટે રૂ.૬૦૦૦નું આકસ્મિક અનુદાન આપવામાં આવે છે.

# બાબરા તાલુકામાં આજરોજ નારી સંમેલનનું કરાયું આયોજન

અમરેલી, તા. ૧૧

ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યમાં તાલુકા કક્ષાઓ 'નારી અદાલત' શરુ કરવામાં આવી છે. 'નારી અદાલત'ના પ્રચાર-પ્રસાર તેમજ મહિલાઓમાં 'નારી અદાલત'ની સમજ, મહિલા સશક્તિકરણ અને મહિલા વિષક યોજનાઓની જાણકારી આપી શકાય તેવા હેતુથી બાબરા તાલુકામાં તા.૧૨ માર્ચ, ૨૦૨૫ બુધવારના રોજ નારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન સવારે ૧૦.૦૦ કલાકથી ૧૨.૦૦ કલાક સુધી કારેટીયા સમાજની વાડી, ચમારડી રોડ, બાબરા મુકામે યોજાશે. તેમ બાબરા તાલુકા આઈ.સી.ડી.એસ. શાખા, બાળ વિકાસ યોજના અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# કિસાન મોરચાની રજૂઆતથી રાજયનાં ખેડૂતોના મલ્ચીગ પ્લાસ્ટિકના પ્રશ્નો હલ થયા

અમરેલી, તા.૧૧

રાજયનાં શાકભાજીનું આધુનિક ઢબે વાવેતર કરતા ખેડૂતો મલ્ચીગ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા હોય છે. જેમાં ૪૦ માઈક્રોનથી વધુ માઈક્રોનનાં પ્લાસ્ટીકનાં ઉપયોગનો નિર્ણય થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. આ બાબતની ખેડૂતો તરફથી રજૂઆત મળતા પ્રદેશ કિસાન મોરચાનાં અધ્યક્ષ હિતેશ પટેલનાં નેતૃત્વમાં રાજયનાં કૃષિમંત્રી રાઘવજી પટેલને મળીને મલ્ચીગ પ્રશ્ને રજૂઆત કરવામાં



આવી હતી. જેથી કિસાન મોરચાની રજૂઆતથી આ પ્રશ્ન હલ થયો હતો. આ તકે ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરા, મહેશ દેસાઈ વગેરે જોડાયા હતા.

# અમરેલી તાલુકાના માળીલા ખાતે પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંમેલન યોજાયું

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લા સહકારી સંઘ અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી દ્વારા માળીલા ગામ ખાતે સોમવારે ''પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંમેલન'' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનિષભાઈ સંઘાણી, જયંતિભાઈ પાનસુરીયા-ચેરમેન, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘ, કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ,



અમરેલીના આચાર્ય ડો. સ્વપ્રિલ દેશમુખ, વૈજ્ઞાનિક ડો. મયુરભાઈ કાનાણી, પ્રાકૃતિક ખેતીના ફાર્મર માસ્ટર ટ્રેનર મોહનભાઈ પંડિત અને માળીલા ગામના સરપંચ દકુભાઈ ચોવટીયાએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનો લાભ ૧૦૦ જેટલા ખેડૂત ભાઈઓને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભૌમિક મકવાણા, વિરાભાઈ ચાવડા, સહકારી સંઘના મેનેજર ભાર્ગવભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

# વિજપડીમાં માધવ સેવા ટ્રસ્ટ દ્વારા ૧૨૨મો નેત્રનિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૧૧

માધવ સેવા ટ્રસ્ટ દ્વારા રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટના સહયોગથી વિજપડીમાં ૧૨૨મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. લોહાણા મહાજન વાડીમાં યોજાયેલા આ કેમ્પમાં ૧૦ માર્ચ, ૨૦૨૫ના રોજ દાતાઓના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને શુભ શરૂઆત કરવામાં આવી હતી. ડોક્ટર અને તેમની ટીમ દ્વારા સુંદર કામગીરી કરીને ૯૦ લોકોની આંખોની તપાસ કરવામાં આવી હતી અને જરૂરી ટીપાં



આપવામાં આવ્યા હતા. જેમાંથી ૨૪ દર્દીઓને મોતિયા હોવાનું નિદાન થતાં તેમને ખાસ વાહન દ્વારા રાજકોટ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું ઓપરેશન કરવામાં આવશે. કેમ્પમાં આવનાર તમામ લોકોને દાતા તરફથી વિનામૂલ્યે ચા-પાણી અને ઓપરેશન માટે આવનાર દર્દીઓને બપોરનું ભોજન પણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિજપડી ગામના વડીલો, વેપારી મિત્રો અને બહારથી આવેલા મહેમાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail:carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**ડ્રાઈવર-કંડકટરની ઘટ પુરી કરવા માટે અનેકવાર રજૂઆત, પરંતુ ભરતી કરતી નથી**

# અમરેલી એસ.ટી.વિભાગમાં ડ્રાઈવર-કંડકટરની ઘટ

**નવા ભરતી થાય છે તેની સામે કર્મચારીઓ નિવૃત થતા હોવાથી અનેક એસ.ટી.રૂટ બંધ કરવા પડે તેવી સ્થિતિ**

અમરેલી,તા.૧૧

અમરેલી એસ.ટી. ડિવિઝનના તાબા હેઠળ આવેલા તમામ ડેપોમાં ડ્રાઈવર તથા કન્ડક્ટરની ઘટ છે જેના કારણે જીલ્લાના તમામ ગામડાઓમાં રૂટ અનિયમિત થઈ ગયેલ છે અને વિદ્યાર્થીઓ સહિતના મુસાફરોને હેરાન થવું પડે છે. આ બાબતે રાજય સરકારને જાણ હોવા છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી.અમરેલી એસ.ટી.ડિવિઝનમાં છેલ્લા ઘણા સમયથી ડ્રાઈવર તથા કન્ડક્ટરોની મોટા પ્રમાણમાં ઘટ છે. જેથી કરીને જીલ્લાના તમામ ગામડાઓના રૂટો અનિયમિત ચાલી રહ્યા છે અને વિદ્યાર્થીઓ, ધંધાર્થીઓ તેમજ મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને અનિયમિત બસના લીધે વિદ્યાર્થીઓ, ધંધાર્થીઓ સમયસર તેઓ સ્થળ સુધી જઈ શકતા નથી જેના કારણે વિદ્યાર્થીઓને શિક્ષણમાં મુશ્કેલી પડે છે અને ધંધાકીય લોકોને આર્થિક નુકશાનીનો સામનો કરવો પડે છે.અમરેલી એસ.ટી. ડિવિઝનમાં વહેલી તકે ડ્રાઈવર તથા કન્ડક્ટર ફાળવીને ખાલી



તસવીર : પ્રતિકાત્મક

પડેલ જગ્યાઓને ભરવામાં આવે તેવી માંગ કરી છે. રાજય સરકાર દ્વારા સમયાંતરે એસ.ટી.ના કંડકટર-ડ્રાઈવરની ભરતી કરવામાં આવે છે પરંતુ ભરતી કર્યા બાદ વધુ ડ્રાઈવર-કંડકટર નિવૃત થતા હોય છે. લગ્નગાળામાં એસ.ટી.બસનું સંચાલન કરવુ માથાના દુઃખાવારૂપ બની જાય છે. મોટાભાગના કર્મચારીઓ રજા પર હોવાથી અમરેલી એસ.ટી.ડિવિઝનના તમામ ડેપોમાં રૂટ બંધ કરવા પડે તેવી સ્થિતિ છે. આમ. વિદ્યાર્થીઓ, ધંધાર્થીઓ અને મુસાફરોની મુશ્કેલીને ધ્યાને રાખી અમરેલી એસ.ટી.ડિવિઝનમાં ડ્રાઈવર-કંડકટરની ભરતી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

**કયાં ડેપોમાં ડ્રાઈવરની ઘટ**

| | |
|---|---|
| અમરેલી | ૩૬ |
| સા.કુંડલા | ૨૭ |
| બગસરા | ૨૧ |
| ધારી | ૨૩ |
| રાજુલા | ૧૪ |
| ઉના | ૨૦ |
| કોડીનાર | 03 |

**કયાં ડેપોમાં કંડકટરની ઘટ**

| | |
|---|---|
| અમરેલી | ૨૦ |
| સા.કુંડલા | ૨૭ |
| બગસરા | ૨૦ |
| ધારી | ૧૯ |
| રાજુલા | ૧૭ |
| ઉના | ૨૫ |
| કોડીનાર | ૧૧ |

## લીલીયાના નાના કણકોટ ગામે વીજશોકથી પરિણીતાનું મોત

લીલીયા, તા.૧૧

લીલીયાના નાના કણકોટ ગામે વીજશોકથી પરિણીતાનું મોત થયું હતું. જેને લઈ પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. વાડીયાભાઈ કાથડભાઈ ખુમાણ (ઉ.વ.૫૭) એ જાહેર કર્યા મુજબ, પ્રેમીલાબેન જયરાજભાઈ કોટીલા (ઉ.વ.૩૦)નું વીજશોકથી મૃત્યુ થયું હતું. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ સી બી ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

## કુંકાવાવ જકાત નાકા પાસેથી દેશી દારૂ બનાવવાનો ૧૨૦ લીટર આથો પકડાયો

અમરેલી, તા.૧૧

અમરેલી એલસીબી ટીમે કુંકાવાવ જકાત નાકા પાસેથી દેશી દારૂ બનાવવાનો ૧૨૦ લીટર આથો પકડ્યો હતો. બાવળની કાંટમાંથી આ જથ્થો ઝડપાયો હતો. પોલીસે ૩૦૦૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદામાલ ઝડપ્યો હતો. જિલ્લામાંથી ૧૦ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. ચાર ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

## આંબરડી પ્રા.શાળાની વિદ્યાર્થિનીના પરિવાર દ્વારા કરાઈ અનોખી પહેલ

અમરેલી, તા.૧૧

આંબરડી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થિની જુલીબેન સંજયભાઈ ચોડવડીયાને ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા પ્રાપ્ત થતા ઈન્સ્પાયર એવોર્ડથી સન્માનિત થતા તેમને પ્રોત્સાહિત પુરસ્કાર હેતુ રૂ.૧૦,૦૦૦ નું પ્રોત્સાહિત ઈનામ તેમનો ઉત્સાહ વધારવા સરકાર તરફથી મળ્યું



હતું. વિદ્યાર્થિની જુલીબેનના પપ્પા સંજયભાઈ અને દાદા રમેશભાઈ દ્વારા સ્કૂલમાં જઈને જુલીબેન ને મળેલ રકમ રૂ.૧૦,૦૦૦ માં પ્લસ રકમ કરીને શિક્ષક સ્ટાફને પરત કરી હતી. જુલીબેનના દાદા રમેશભાઈ ચોડવડીયાએ સ્કૂલમાં સ્ટાફને જણાવેલ કે આ રકમ બીજા બાળકોને કોઈ કલાત્મક સ્પર્ધા અને આવા કોઈ પ્રોજેક્ટ સ્પર્ધા કરાવવામાં મદદરૂપ થશે. દીકરી ઈન્સ્પાયર એવોર્ડથી સન્માનિત થતાં દાદા રમેશભાઈની આંખોમાં હર્ષના આંસુ જોવા મળ્યા હતાં.

## સા.કુંડલામાં બે સ્થળેથી સાત શકુનીને ઝડપી પાડતી પોલીસ

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલામાંથી પોલીસ બે સ્થળેથી સાત જુગારીને ઝડપી પાડ્યા હતા. સાવરકુંડલા બીડી કામદાર સોસાયટી મસ્જીદ પાસેથી મહેબુબભાઈ અકબરભાઈ કાદરી, સિંકદરભાઈ રજાકશા શેખ, અજીતભાઈ અલાઉદીનભાઈ ઝાંખર તથા તાનશા નુરાશા રફાઈ ગંજીપત્તાના પાના વડે તિનપત્તી નામનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૧૦,૩૧૦ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલા કેવડાપરા બાપાસીતારામના ઓટાની આગળ વાડી તરફ જતા રસ્તા પાસેથી ઈલીયાસભાઈ યાસીનભાઈ જાદવ, સલીમભાઈ હબીબભાઈ જાદવ તથા ઈરફાનભાઈ હબીબભાઈ જાદવ તીનપતીનો જુગાર રમી રમતા કુલ રોકડા રૂ.૧૦,૮૬૦ ના મુદામાલ સાથે પકડાયા હતા. પોલીસે બંને સ્થળેથી મળી કુલ ૨૧,૧૭૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## સીડીનું કામ શરીરને ઉપર ચડાવે, ધર્મસ્થાનકનું કામ આત્માને ઉપર ચડાવે છે : ધીરગુરુદેવ

**વિમલ વૈયાવચ્ચ ભવનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું**

અમરેલી, તા.૧૧

શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર અને શ્રી ગોપાલગ્રામ સ્થાનકવાસી જૈન સંઘના ઉપક્રમે પૂ. શ્રી ધીરગુરુદેવ એવં સાધ્વીરત્ના પૂ. સરલાબાઈ મ. સ., પૂ. ગુણીબાઈ મ. સ., પૂ. લીનાજી મ. સ. તથા મુંબઈ, સાવરકુંડલા, ધારી, બગસરા, ચલાલા, રાજકોટ, અમરેલી, જેતપુર, બાબરા વગેરે સંઘના જયનાદે કિરીટભાઈ અને અમિતભાઈ મગીયાના હસ્તે વિમલ વૈયાવચ્ચ ભવનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ગુરુદેવે ધર્મસભામાં જણાવેલ કે ધરાને પ્રકાશીત કરવાનુ કાર્ય સૂર્ય, ધરતીને શીતલ કરવાનું કાર્ય ચંદ્ર, ધરાને હરિયાળું કરવાનું કાર્ય વર્ષા કરે છે. તેમ જીવનને સંસ્કારી કરવાનું કાર્ય ધર્મસ્થાનક કરે છે. વધુમાં કહેલ કે સીડીનું કામ શરીરને ઉપર ચડાવે છે તો ધર્મસ્થાનકનું કામ આત્માને ઉપર ચડાવવાનું છે.

## મારૂ ડમ્પર રોકશો તો જાનથી મારી નાંખીશ કહી ધમકી આપી

**થોરડી ચોકડી પાસે બનાવ બન્યો**

અમરેલી, તા.૧૧

અમરેલીના મોટા ભંડારિયા ગામના પુરુષને મારૂં ડમ્પર રોકશો તો જાનથી મારી નાંખીશ કહી ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે જયસુખભાઈ લાલજીભાઈ કસવાલા (ઉ.વ.૫૭)એ ડમ્પર RTO રજી. નં.GJ-૨૧-ફ-૬૩૪૯ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ ડમ્પર બેદરકારી રીતે ચલાવતાં તેણે તેને કહેલ કે આ થોરડી વાળા રસ્તેથી ભંડારીયા ગામ ના રસ્તે તમારે ચાલવાનું નથી. આ રોડ ભારે વાહનના કારણે રોડ તુટી જાય છે.

જેથી ડમ્પરનો ચાલક ઉશ્કેરાઈને ગાળો આપવા લાગ્યો હતો. ઉપરાંત હવે પછી મારૂ ડમ્પર રોકશો તો જાનથી મારી નાખશ તેમ ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જી એન પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.


## અવસાન નોંધ

**જામનગર**

ગં.સ્વ. કુસુમબેન મનસુખલાલ શુક્લ (ઉ.વ.૮૭)નું તા.૧૦/૦૩/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે નિલેશભાઈ, શૈલેષભાઈ, કપિલભાઈ, હીતેશભાઈના માતા છે. તેમની પ્રાર્થના સભા તા.૧૩/૦૩/૨૦૨૫ના સાંજે ૫:૦૦ થી ૫:૩૦ દરમ્યાન પાબારી હોલમાં ભાઈઓ તથા બહેનો માટે રાખવામાં આવી છે.

**જૂનાગઢ**

ગં.સ્વ.મેનાબેન (ઉ.વ.૮૬) નું તા.૦૯/૦૩/૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.


**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠકકર** M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૦/૨૦૨૫

અરજદારઃ શ્રી ટાંક ધર્મેશભાઈ બાવભાઈ
સરનામુઃ મું.દુધાળા તા. જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - દુધાળા મું.દુધાળા તા.જાફરાબાદ જિ. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના દુધાળા** ગામના **શ્રી ટાંક ધર્મેશભાઈ બાવભાઈ** એ તેમની **માતા નામે શ્રી પાર્વતીબેન બાવભાઈ ટાંક નું મરણ** તા.૧૫/૦૧/૨૦૧૫ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.આર.જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૫/૨૦૨૫

અરજદારઃ શ્રી કુંડલીયા એમણાબેન હસનભાઈ
સરનામુઃ મું.આંબલી પેઢા, જાફરાબાદ તા. જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી કુંડલીયા એમણાબેન હસનભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી ફિરોજા હસનભાઈ કુંડલીયા નો જન્મ** તા.૧૨/૦૭/૧૯૭૨ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.આર.જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૬/૨૦૨૫

અરજદારઃ શ્રી કુંડલીયા હુસેનભાઈ ઈસાભાઈ
સરનામુઃ મું.આંબલી પેઢા, જાફરાબાદ તા. જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી કુંડલીયા હુસેનભાઈ ઈસાભાઈ** એ તેમના **(૧) પુત્રી નામે શ્રી રુકસાના હુસેનભાઈ કુંડલીયા નો જન્મ** તા.૦૧/૦૩/૧૯૬૩ **(૨) પુત્રી નામે શ્રી સમીબેન હુસેનભાઈ કુંડલીયા નો જન્મ** તા.૦૧/૦૫/૧૯૬૫ **(૩) પુત્ર નામે શ્રી ઈકબાલભાઈ હુસેનભાઈ કુંડલીયા નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૬૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.આર.જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૭/૨૦૨૫

અરજદારઃ શ્રી મગનભાઈ દેવશીભાઈ શિયાળ
સરનામુઃ મું.શિયાળબેટ તા. જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ મું.શિયાળબેટ તા.જાફરાબાદ જિ. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના **શ્રી મગનભાઈ દેવશીભાઈ શિયાળ** એ તેમની **પુત્રી નામે શ્રી વર્ષાબેન મગનભાઈ શિયાળ નો જન્મ** તા.૧૫/૦૨/૨૦૦૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મિહડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.


સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

તંત્રી લેખ

# મધ્યયુગીન કુરિવાજ: વિકસિત ભારતનું કલંક

આપણું રાષ્ટ્ર જ્યારે દિવસે દિવસે પ્રગતિના નવા સોપાન સર કરી રહ્યું છે અને ભારત વિશ્વનું મોટું અર્થતંત્ર બનવા જઈ રહ્યું છે તેવા સંજોગોમાં વાઈબ્રન્ટ ગુજરાતી એક ગામડામાં પાંચ વર્ષની બાળકીની બલી ચઢાવવામાં આવી તે સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી ઘટના છે આનાથી સભ્ય સમાજ શર્મસાર બન્યો છે. ગુજરાતના પછાત ગામડાઓને આદિવાસી વિસ્તારોમાં આજે પણ ભૂત ભુવા અને નર બલિની પ્રથા અસ્તિત્વ ધરાવે છે. પાલેજ ગામની ઘટના તેનો દાખલો છે. મધ્યયુગ દરમિયાન, વિશ્વભરમાં ઘણાં વિવિધ પ્રકારના કુરિવાજો પ્રચલિત હતા. આ કુરિવાજો સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક માન્યતાઓ પર આધારિત હતા. માસુમ બાળકોની બલી ચઢાવવાની અતિ ક્રૂર પ્રથા આજે ચાલુ છે. એના ગુનેગારોને કડકમાં કડક સજા સત્વરે આપી દેવી જોઈએ. ગામ લોકોએ તો ફાંસીએ ચડાવી દો તેવી માંગ કરી છે. આજે પણ આના જેવી જ સતી પ્રથા ચાલુ છે જેમાં સ્ત્રીને પતિના મરણ બાદ ચિતાએ ચડાવી દેવામાં આવે છે. મરવું કોઈને ગમતું નથી પરંતુ અતિશય સમાજના દબાણથી સ્ત્રીનો ભોગ લેવાય છે આ પ્રથા પણ બંધ થવી જોઈએ. રાજારામ મોહન રાય થી માંડીને ડોક્ટર બાબા સાહેબ આંબેડકરે આવી પ્રથા નો સખત વિરોધ કરેલો આમ છતાં આજની તારીખે ચાલુ છે. આ પ્રથામાં, પતિના મૃત્યુ પછી પત્નીને તેના મૃતદેહ સાથે જીવિત સળગાવી દેવામાં આવતી હતી. આ પ્રથા ભારતમાં ખાસ કરીને પ્રચલિત હતી. આજે પણ આની ઘટનાઓ પછાત વિસ્તારમાં બની રહી છે તે અટકવી જોઈએ. નાની ઉંમરે બાળકોના લગ્ન કરી દેવામાં આવતા હતા. આ પ્રથા ઘણા દેશોમાં જોવા મળતી હતી. સમાજને વિવિધ જાતિઓમાં વિભાજિત કરવામાં આવ્યો હતો, અને ઉચ્ચ જાતિના લોકોને વિશેષ અધિકારો મળતા હતા, જ્યારે નીચલી જાતિના લોકોનું શોષણ થતું હતું. લોકોને ગુલામ બનાવીને તેમની પાસે મજૂરી કરાવવામાં આવતી હતી. ગુલામોને કોઈ અધિકારો નહોતા. લોકો વહેમ અને અંધશ્રદ્ધામાં માનતા હતા. તેઓ ભૂત-પ્રેત, જાદુ-ટોણા વગેરેમાં વિશ્વાસ રાખતા હતા. મધ્યયુગમાં ન્યાય પ્રણાલી ખૂબ જ ક્રૂર હતી. ગુના માટે કઠોર સજાઓ આપવામાં આવતી હતી, જેમ કે ફાંસી, અંગછેદન વગેરે.મધ્યયુગમાં સ્ત્રીઓની સ્થિતિ સારી ન હતી. તેમને પુરુષોની સરખામણીમાં ઓછા અધિકારો મળતા હતા. તેમને ઘરની ચાર દીવાલોમાં જ રહેવું પડતું હતું. આ કુરિવાજો સમાજ માટે ખૂબ જ હાનિકારક હતા. ધીરે ધીરે, સમાજમાં જાગૃતિ આવતા આ કુરિવાજો ઓછા થયા. પરંતુ પૂરેપૂરા બંધ નથી થયા. આમાં સૌથી વધુ ભયંક કુરિવાજો કોઈ હોય તો તે નર બલિની પ્રથા છે. નરબલી એ એક ક્રૂર કુરિવાજ છે જેમાં દેવી-દેવતાઓને પ્રસન્ન કરવા માટે અથવા કોઈ ખાસ હેતુ માટે મનુષ્યની બલિ આપવામાં આવે છે. આ પ્રથા ઈતિહાસમાં ઘણી વિવિધ સંસ્કૃતિઓમાં જોવા મળે છે, પરંતુ આધુનિક સમયમાં તેને મોટાભાગે અમાનવીય અને ગેરકાનૂની ગણવામાં આવે છે. અમુક પ્રાચીન ધર્મોમાં, દેવી-દેવતાઓને પ્રસન્ન કરવા માટે મનુષ્યની બલિ આપવામાં આવતી હતી. એવું માનવામાં આવતું હતું કે આ બલિદાનથી દેવતાઓ ખુશ થશે અને સમૃદ્ધિ લાવશે. કેટલીક સંસ્કૃતિઓમાં, એવું માનવામાં આવતું હતું કે નરબલીથી દુષ્ટ આત્માઓ દૂર થાય છે અને સમુદાયનું રક્ષણ થાય છે. કેટલાક શાસકો પોતાની શક્તિ દર્શાવવા માટે નરબલીનો ઉપયોગ કરતા હતા. કેટલીક ગુપ્ત સંસ્થાઓ અને સમુદાયોમાં, નરબલીનો ઉપયોગ ગુપ્ત વિધિઓના ભાગરૂપે કરવામાં આવતો હતો. નરબલી એ એક અત્યંત ઘૃણાસ્પદ કૃત્ય છે, અને આધુનિક સમાજમાં તેને કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં. આ પ્રકારના કુરિવાજોને દૂર કરવા માટે શિક્ષણ અને જાગૃતિ ફેલાવવી ખૂબ જ જરૂરી છે. ભારતમાં નરબલીનો કુરિવાજ પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. ઈતિહાસમાં આવા ઘણાં ઉદાહરણો જોવા મળે છે, ખાસ કરીને તાંત્રિક વિધિઓ અને દેવી-દેવતાઓને પ્રસન્ન કરવાના હેતુથી. જો કે, આધુનિક ભારતમાં આ પ્રથા ગેરકાનૂની છે અને સમાજમાં તેને સખત રીતે વખોડવામાં આવે છે.

# કઠણાઈ : ધારીના હરીપર ગામે કોબીજના ભાવ નહી મળતા પશુઓને ચરવા મુકી દીધા



અમરેલી,તા.૧૧

ધારીના હરીપર ગામે ખેડુતે પોતાના ખેતરમાં શાકભાજીનાં વાવેતરમાં કોબી ઉત્પાદન મેળવવા મોટા પ્રમાણમાં કોબી વાવેલ જે તૈયાર થતા યાર્ડમાં પુરતો ભાવ નહીં મળતા આખરે કોબીના પાકમાં પશુઓને ચરવા મુકી દીધા હતા. દર મહિને રૂા. ૫૦૦ મળતા ખેડુતે નિશાસો નાખ્યો હતો. અમરેલી જિલ્લામાં શાકભાજીના ભાવ સારા મળે તે માટે ખેડૂતો શાકભાજીનું વાવેતર કરતા હોય છે. શાકભાજીનું વાવેતર કર્યા બાદ શાકભાજીના ભાવ સારા આવશે તેવી ખેડૂતો આશા સેવતા હોય છે.શાકભાજીના વાવેતરમાં ખેડૂતો મબલખ ખર્ચ કર્યા બાદ જયારે ઉત્પાદન થાય ત્યારે શાકભાજીના ભાવ તળીયે હોવાથી ખેડૂતોને રાતાપાણીએ રોવાનો વારો આવે છે. આવી જ રીતે ધારીના હરીપર ગામે ખેડૂતે કોબીજનું વાવેતર કર્યા બાદ કોબીજનું ઉત્પાદન થયા બાદ કોબીજના ભાવ નહી મળતા ભારે નુકસાની સહન કરવાનો વારો આવ્યો હતો. જેથી ખેડૂતે પોતાના ખેતરમાં કોબીજનો પાક પશુઓને ધરી દીધો હતો.

# લાઠીના ભીંગરાડ ગામે સગીરાનો હાથ પકડી બાઈક પર બેસવા કહ્યું

**યુવક સગીરાનો પીછો કરીને છેડતી કરતો હતો**

લાઠી, તા.૧૧

લાઠીના ભીંગરાડ ગામે રહેતી એક સગીરાનો યુવક પીછો કરીને છેડતી કરતો હતો. ઉપરાંત હાથ પકડીને મોટર સાયકલ પર બેસી જવાનું કહ્યું હતું. બનાવ સંદર્ભે સગીરાના પિતાએ પ્રકાશભાઈ હકુભાઈ સાવડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમની સગીર દીકરીનો હાથ પકડીને બાથ ભરતા તેમની પુત્રી ધક્કો મારીને ભાગી ગઈ હતી. જે બાદ આરોપીએ તેની મોટર સાયકલ લઈને આવી હાથ પકડી તેના પર બેસી જવા કહ્યું હતું. ઉપરાંત અવાર નવાર હેરાન કરી, પીછો કરતો હતો અને છેડતી કરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના પી આઈ એ.એમ. સોની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# 'તારા પેટમાં બાળક છે તે મારૂ નથી' કહી પતિએ પત્નીને ઘરેથી કાઢી મુકી

ચલાલા, તા.૧૧

મોરઝર ગામે વાડીએ રહેતી એક પરિણીતાને તેના પતિએ મારી બહેનને તારો ભાઈ સરખી રીતે રાખતો નથી કહી મેણા પણ માર્યા હતા. ઉપરાંત તારા પેટમાં બાળક છે તે મારૂ નથી કહી ઘરેથી કાઢી મુકી હતી. બનાવ અંગે કિરણબેન અજયભાઈ સોલંકી (ઉ.વ.૨૫)એ કોડીનારમાં રહેતા અજયભાઈ પ્રેમજીબાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેના ભાઈ સાહેદ-મૌલીકભાઈના સામ સામે તેના જ્ઞાતિના રીત રીવાજ મુજબ લગ્ન થયા હતા.તેમના ભાઈનું લગ્ન જીવન સરખું ચાલતું નહોતું. જેથી તેના પતિ અજયભાઈ સોલંકી તેમને અવાર-નવાર મારી બહેનને તારો ભાઈ સરખી રીતે રાખતો નથી તેમ કહી અવાર-નવાર મેણા ટોણા મારતો હતો. ઉપરાંત તું પણ અહીથી જતી રહે તેમ કહી ને ઘરેથી કાઢી મુકી હતી. તેઓ તેના માવતરના ઘરે રીસામણે હતા ત્યારે ફોન કરી કહેલ કે તને મારે નથી જોઈતી તારા પેટમાં બાળક છે તે મારૂ નથી, જેથી તું હવે અહી આવતી નહીં, નહીતર તને અને બાળક બંન્નેને મારી નાખીશ તેવી ધમકીઓ આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર પી વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં ફરિયાદ પાછી ખેંચવાનું કહેતા વેપારીને ગાળો આપી

ધારી, તા.૧૧

ધારીમાં ફરિયાદ પાછી ખેંચવાનું કહી વેપારી પર હુમલો કરવામાં આવ્યો હતો. આ સમયે તેનો પુત્ર વચ્ચે બચાવવા પડતાં તેને પણ પથ્થરનો છુટ્ટો ઘા મારવામાં આવ્યો હતો. બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે ધારી જુના બસ સ્ટેશન પાસે વેપાર કરતાં મુકેશભાઈ જીવરાજભાઈ પરમાર (ઉ.વ.૫૩) એ ચંદુભાઈ મોહનભાઈ ધકાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ તેની દુકાને હાજર હતા તે વખતે તેમની દુકાને આવી અગાઉ કરેલી ફરિયાદમાં સમાધાન કરી પાછી ખેંચી લેવાનું કહ્યું હતું. જેથી તેણે સમાધાન નહીં કરવાનું કહેતા એકદમ ઉશ્કેરાઈને જેમફાવે તેમ ગાળો આપી કટરથી બંન્ને હાથમાં ઈજા પહોચાડી હતી. તેમજ તેના દિકરા વચ્ચે પડતા તેને પણ છુટો પથ્થરનો ઘા મારી મોઢાના ભાગે ઈજા કરી હતી. ચંદ્રકાંતભાઈ મોહનભાઈ ધકાણ (ઉ.વ.૭૨)એ મુકેશભાઈ કોળી સહિત પાંચ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, મુકેશભાઈએ પોલીસ ફરીયાદ કરી હતી અને તેમને દુબઈ જવું હોવાથી પાસપોર્ટ કઢાવવો હતો. જેથી તેઓ તેમને પોલીસ કેસ પાછો ખેંચી લેવા સમજાવવા જતા તેણે કેસ પાછો નહી ખેંચવાનું કહી જેમ-ફાવે તેમ ગાળો આપી માથાકુટ કરી હતી. ઉપરાંત મુંઢ ઈજા કરી હતી.

# ચલાલાનાં મીઠાપુરમાં બે ભાઈઓ વચ્ચેનાં કૌટુંબિક ઝઘડામાં મિત્રની હત્યા

ચલાલા, તા. ૧૧

ચલાલાના મીઠાપુર (ડુંગરી) ગામના યુવર પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. માથામાં ગંભીર ઈજા થવાના કારણે હેમરેજ થયું હતું. જેનું ટૂંકી સારવાર બાદ મૃત્યુ થયુ હતું. બનાવ અંગે જયસુખભાઈ કેશુભાઈ મોણપરા (ઉ.વ.૫૮) એ ચલાલામાં રહેતા ભાવેશભાઈ ધીરૂભાઈ હીરપરા સામે ફરિયાદ નોંધાવી હતી. બનાવની જાહેર થયેલી વિગત પ્રમાણે, ગંભીર ઈજા પામનાર તેમના દિકરા નિકુંજભાઈ જયસુખભાઈ મોણપરા (ઉ.વ.૩૫) તેના મિત્ર લાલભાઈ ધીરૂભાઈ હીરપરા અને આરોપી ભાવેશભાઈ ધીરૂભાઈ હીરપરાએ મિલ્કતના ભાગ પડ્યા હતા અને તે બાબતનો વિવાદ ચાલતો હતો. જેથી ગત તા.૯/૩/૨૫ ના રોજ ઈજા પામનાર ફરી.ના દિકરો નિકુંજભાઈ તેના મિત્ર લાલભાઈ ધીરૂભાઈ હીરપરા સાથે સાવરકુંડલા ખાતે લાલભાઈના સંબધીને ત્યા ગયેલ હતો જે આરોપીને સારુ નહી લાગતા તેનુ મનદુખ રાખી આરોપીએ ઈજા પામનારને ફોન કરી ગાળો આપી હતી. મૃત્યુ પામનાર નિકુંજભાઈ આરોપીના ઘર પાસે હોય જેથી જાનથી મારી નાખવાની ધમકી આપી લોખંડના પાઈપ વડે ઈજા પામનાર તેમના દિકરા નિકુંજભાઈને માથાના ભાગે માર મારતા કોમામાં સરી પડ્યા બાદ તેમનું મૃત્યુ નિપજયુ હતું. જીવલેણ હુમલો કરનાર આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

# વિક્ટર ગામે પાર્ક કરેલા ટ્રકમાંથી ૩૫૦ લીટર ડીઝલની ચોરી

**દ્વારકેશ હોસ્પિટલ પાછળ ટ્રક પાર્કિંગમાં રાત્રીના સમયે પ્રવેશ કર્યો**

રાજુલા, તા. ૧૧

રાજુલાના વિક્ટર ગામે પાર્ક કરેલા ટ્રકમાંથી ૩૫૦ લીટર ડીઝલની ચોરી થઈ હતી. ગૌતમભાઈ સાર્દુલભાઈ લાખાણોત્રા (ઉ.વ.૨૯) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, વિક્ટર ગામે દ્વારકેશ હોસ્પિટલ પાછળ આવેલ દિવાલ બંધ ટ્રક પાર્કિંગમાં રાત્રીના સમયે પ્રવેશ કરી ત્રણ ટ્રકમાંથી મળી કુલ આશરે ડીઝલ લીટર-૩૫૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેની પોલીસ ચોપડે કિંમત રૂ.૩૧,૮૫૦ જાહેર થઈ હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ આર છોવાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૬૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૫૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૧૦૭૧ |
| બાજરી | ૩૯૫ | ૬૨૦ |
| તુવેર | ૧૧૭૫ | ૧૪૭૫ |
| ચણા પીળા | ૧૦૧૦ | ૧૦૫૮ |
| ચણા સફેદ | ૧૩૨૫ | ૧૯૯૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૫૫૮ |
| મગ | ૧૨૫૦ | ૧૯૫૦ |
| વાલ દેશી | ૧૦૩૫ | ૧૩૫૬ |
| ચોળી | ૧૧૯૧ | ૨૦૨૫ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૪૦ |
| કળથી | ૫૭૫ | ૬૫૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૦૫ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૧૭૦ |
| તલી | ૧૫૦૦ | ૨૦૫૦ |
| એરંડા | ૧૧૯૫ | ૧૨૩૦ |
| સોયાબીન | ૭૦૫ | ૭૮૦ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૩૩૦ |
| કાળા તલ | ૩૭૦૦ | ૫૧૪૫ |
| લસણ | ૯૦૫ | ૧૪૨૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૯૦૦ |
| મરચા સુકા | ૬૦૦ | ૨૦૦૦ |
| ધાણી | ૧૬૫૦ | ૨૫૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૫૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૦૧ |
| રાય | ૧૦૦૦ | ૧૨૯૦ |
| મેથી | ૮૩૦ | ૧૨૭૦ |
| અશેરીયો | ૧૨૭૫ | ૧૩૨૫ |
| કલોંજી | ૩૩૭૧ | ૩૪૫૧ |
| રાયડો | ૯૮૦ | ૧૦૫૫ |
| ગુવારનું બી | ૯૪૦ | ૯૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૪૫૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૧૩૦ | ૨૭૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૩૯૦ |
| ટમેટા | ૧૦૦ | ૧૬૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૪૦૦ |
| સકરીયા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૨૦ |
| ફ્લાવર | ૨૧૦ | ૪૨૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૪૫૦ | ૧૭૮૦ |
| વાલોળ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૯૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૩૦ | ૫૨૦ |
| કારેલા | ૫૫૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૫૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૫૫૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૨૨૦ | ૩૩૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૬૫ | ૧૦૫૨ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૦૮૪ |
| શિંગ ફાડા | ૯૯૯ | ૧૨૬૫ |
| તલ સફેદ | ૧૫૭૦ | ૧૯૯૭ |
| તલ કશ્મીરી | ૨૧૩૦ | ૨૨૦૦ |
| જુવાર | ૪૩૦ | ૮૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૨ |
| ઘઉં લોકવન | ૪૯૩ | ૫૨૬ |
| ચણા | ૯૮૬ | ૧૦૨૪ |
| સફેદ ચણા | ૧૦૩૦ | ૧૨૩૫ |
| તુવેર | ૯૦૦ | ૧૩૬૭ |
| કપાસ | ૯૨૦ | ૧૪૯૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૮૯ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ધાણી | ૧૦૦૫ | ૩૦૬૦ |
| સોયાબીન | ૬૯૯ | ૭૩૫ |
| મરચા લાંબા | ૩૦૦ | ૨૩૨૦ |
| અજમા | ૧૪૩૦ | ૨૧૫૦ |
| વાલ | ૯૪૦ | ૯૪૦ |
| મેથી | ૧૦૪૫ | ૧૦૮૯ |
| રાયડો | ૯૨૦ | ૧૦૧૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૩૦ | ૩૧૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૨૫૦ |
| કોબીજ | ૮૦ | ૧૦૦ |
| શકકરીયા | ૩૩૦ | ૪૩૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૩૦ |
| સુરણ | ૭૧૦ | ૮૧૦ |
| ગાજર | ૨૪૦ | ૩૦૦ |
| દૂધી | ૩૧૦ | ૪૧૦ |
| કારેલા | ૪૨૦ | ૫૨૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૬૦ | ૨૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વટાણા | ૬૨૦ | ૮૨૦ |
| ચોળા લીલાં | ૬૩૦ | ૮૩૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૩૧૦ | ૪૧૦ |
| તુવેર | ૪૧૦ | ૫૧૦ |
| ભીંડો | ૭૦૦ | ૯૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૩૫૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૩૨૦ | ૪૨૦ |
| બીટ | ૧૫૦ | ૧૭૦ |
| વાલ | ૭૨૦ | ૮૨૦ |
| સરગવો | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૨૬૦ | ૩૬૦ |
| મરચા લીલા | ૩૨૦ | ૬૨૦ |
| મરચા લાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૨૬૦ | ૩૬૦ |
| લસણ લીલુ | ૫૦૦ | ૭૦૦ |
| લસણ સુકુ | ૧૧૩૦ | ૧૪૩૦ |
| મકાઈ | ૧૦૦ | ૨૦૦ |
| લીંબુ | ૨૪૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૪૬૧ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૦૫૬ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૩૬૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૦ | ૧૨૬૬ |
| ધાણા | ૯૫૧ | ૨૧૨૬ |
| મરચા સૂકા પટ્ટો | ૪૫૧ | ૬૧૦૧ |
| લસણ સુકું | ૪૭૧ | ૧૨૨૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૪૧૧ |
| અડદ | ૯૯૧ | ૧૬૭૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૪૧૧ |
| રાયડો | ૯૫૧ | ૧૦૫૧ |
| રાય | ૧૦૫૧ | ૧૦૬૧ |
| મેથી | ૮૧૧ | ૧૨૨૧ |
| કાંગ | ૨૦૦ | ૬૭૧ |
| મરચા | ૫૦૧ | ૨૪૫૧ |
| મગફળી જાડી | ૬૪૧ | ૧૧૩૬ |
| સફેદ ચણા | ૧૦૭૧ | ૧૮૪૧ |
| તલ - તલી | ૧૩૦૦ | ૨૨૨૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૮૦૧ |
| ડુંગળી સફેદ | ૧૭૬ | ૨૩૬ |
| બાજરો | ૩૯૧ | ૩૯૧ |
| જુવાર | ૮૭૧ | ૯૧૧ |
| મગ | ૭૩૧ | ૧૭૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૬ |
| વાલ | ૧૦૦૧ | ૧૨૦૧ |
| ચોળા / ચોળી | ૧૯૯૧ | ૨૦૦૧ |
| સોયાબીન | ૫૨૧ | ૭૬૬ |
| વટાણા | ૧૩૪૧ | ૧૫૧૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦ | ૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૪૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૧૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૦૦ |
| ટિંડોરા | ૩૨૦ | ૬૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૬૦૦ | ૯૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૬૦ | ૩૦૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૮ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૨૦૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૮ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૩૦૦ | ૯૦૦ |
| વાલોર | ૧૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૫ | ૧૫૧૦ |
| કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૦૧૦ | ૧૦૪૦ |
| મગફળી બી.ટી. | ૯૭૦ | ૯૯૦ |
| ચણા | ૧૦૧૨ | ૧૦૨૪ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૯૦૦ |
| ઘઉ | ૪૯૦ | ૫૦૦ |
| તુવેર | ૧૨૩૫ | ૧૪૦૫ |
| ધાણા | ૧૨૩૦ | ૧૭૪૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૯ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૪૭૨ |
| ઘઉં ટુકડા | ૩૫૫ | ૪૮૨ |
| ચણા | ૬૦૦ | ૧૦૧૭ |
| સોયાબીન | ૫૦૦ | ૭૩૦ |
| ધાણા | ૧૧૪૦ | ૧૩૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૮૦ |
| મગફળી | ૭૬૦ | ૭૬૦ |
| રાય | ૯૨૫ | ૯૨૫ |
| અડદ | ૧૦૬૫ | ૧૦૬૫ |
| તલ સફેદ | ૧૭૫૦ | ૧૮૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૧૦ |
| મગફળી | ૮૩૫ | ૯૭૬ |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૫૦૧ |
| ચણા | ૯૭૧ | ૧૦૨૧ |
| તુવેર | ૧૦૧૦ | ૧૪૮૦ |
| ધાણા | ૧૧૧૧ | ૧૪૬૧ |
| ધાણી | ૧૩૫૦ | ૧૫૦૧ |
| અરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| રાઇ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૩૦ | ૧૪૪૫ |
| મગફળી | ૧૦૨૮ | ૧૦૨૮ |
| ચણા | ૧૦૨૨ | ૧૦૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૫૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૫૦ | ૧૦૩૨ |
| શીંગ ૩૨ | ૯૬૦ | ૧૦૬૯ |
| શીંગ જી.૨૦ | ૯૮૦ | ૧૦૭૦ |
| એરંડા | ૧૦૯૨ | ૧૦૯૨ |
| જુવાર | ૩૩૩ | ૯૧૨ |
| બાજરી | ૪૨૫ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૪૭૩ | ૬૮૧ |
| અડદ | ૮૩૫ | ૮૩૫ |
| મગ | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ધાણા | ૫૯૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૨૪ | ૭૩૬ |
| ચણાનં.૩ | ૮૦૦ | ૧૦૩૩ |
| ચણા દેશી | ૯૫૨ | ૧૧૬૬ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૧૮૩૫ |
| તલ પુરબીયા | ૨૧૫૦ | ૨૨૮૦ |
| તુવેર | ૮૬૦ | ૧૪૧૮ |
| જીરૂ | ૩૨૭૦ | ૩૮૫૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૩૭૦ |
| ડુંગળી સફેદ ડી | ૧૮૫ | ૨૫૭ |
| ડુંગળી સફેદ એ | ૨૬૦ | ૩૫૪ |
| કપાસ શંકર | ૧૦૦૧ | ૧૪૪૫ |
| નાળીયેર | ૮૦૦ | ૩૨૪૯ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૧ | ૧૦૧૮ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૦૯૦ |
| તલ પીળા | ૨૧૦૦ | ૨૧૪૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૧ |
| બાજરો | ૫૬૬ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૭૬ |
| જુવાર | ૬૦૦ | ૯૭૪ |
| મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૯૩૦ | ૧૨૭૩ |
| તુવેર | ૧૦૫૧ | ૧૨૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૭૫ |
| જીરૂ | ૩૩૮૦ | ૩૩૮૦ |
| રાય | ૯૮૦ | ૧૦૮૧ |
| ધાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૩૩ | ૭૪૦ |
| રાજગરો | ૧૩૬૧ | ૧૩૬૧ |
| એરંડી | ૧૧૯૪ | ૧૧૯૪ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૩૩ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૮૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૦૧ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૧૬૦ |
| કપાસ | ૧૩૭૦ | ૧૪૫૮ |
| ઘઉ લોકવન | ૫૦૧ | ૫૫૧ |
| ઘઉ ટુકડા | ૫૦૮ | ૫૯૧ |
| બાજરો | ૪૨૫ | ૭૫૦ |
| જુવાર | ૪૦૦ | ૮૦૫ |
| અડદ | ૧૩૦૦ | ---- |
| ચણા | ૧૦૧૦ | ૧૦૬૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૨૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૧૧ |
| એરડી | ૧૧૮૩ | ૧૨૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૬૦ |
| રાય/રાયડો | ૧૦૦૦ | ૧૩૬૨ |
| ધાણા | ૧૧૦૦ | ૨૧૧૧ |
| સોયાબીન | ૭૨૧ | ૭૪૪ |
| **કોડીનાર** | | |
| મગફળી જી૨૦ | ૧૦૦૦ | ૧૦૯૫ |
| મગફળી ૩૨નં | ૯૮૫ | ૧૦૫૪ |
| બાજરી હાઇ. | ૪૫૦ | ૫૮૬ |
| ઘઉં | ૪૨૫ | ૫૩૩ |
| રાઇ | ૯૫૦ | ૧૦૦૮ |
| રાયડો | ૮૮૦ | ૧૦૧૪ |
| મેથી | ૮૫૦ | ૧૦૭૮ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૨૫ |
| જુવાર | ૫૦૦ | ૮૯૮ |
| અડદ | ૧૨૦૦ | ૧૯૭૦ |
| એરડી | ૧૦૫૦ | ૧૧૬૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૩૧ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૫૬ |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૬ |
| મગફળી | ૭૦૦ | ૯૪૬ |
| શિંગફાડા | ૧૦૦૦ | ૧૧૬૬ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૬૯૬ |
| જીરૂ | ૨૭૦૧ | ૩૪૭૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૬૧૬ |
| સોયાબીન | ૬૦૦ | ૬૮૧ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૮૬ | ૧૪૩૮ |
| **જામનગર** | | |
| જુવાર | ૬૦૦ | ૭૨૦ |
| બાજરો | ૪૭૦ | ૪૮૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૪ |
| અડદ | ૮૦૦ | ૧૫૪૫ |
| તુવેર | ૯૦૦ | ૧૩૯૫ |
| વાલ | ૮૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૫૫ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| મગફીળી જીણી | ૮૫૦ | ૧૧૧૫ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૦૨૫ |
| એરંડા | ૧૨૧૦ | ૧૨૧૫ |
| રાયડો | ૯૫૦ | ૧૦૩૫ |
| રાઇ | ૧૦૨૫ | ૧૨૬૬ |
| કપાસ | ૧૦૦૦ | ૧૩૮૦ |
| જીરૂ | ૨૩૭૫ | ૩૬૬૫ |
| અજમો | ૧૫૦૦ | ૫૪૦૦ |
| ધાણા | ૯૦૦ | ૧૭૦૦ |
| ધાણી | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૪૫૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૩૫ |
| રાજમા | ૭૯૦ | ૧૬૪૫ |

સંજોગ ન્યૂઝ
ઉત્સવ
બુધવાર, 12 માર્ચ, 2025





06
લાગે તો તીર : - બાબલાએ પેપર સોલ્વ કર્યું કે નહીં?

# ભારત હવે રીયલ ચેમ્પિયન લાગે છે




## બ્રેકિંગ પોઈન્ટ



નેહા શર્મા

ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી.

દુબઈમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ન્યુઝીલેન્ડને ભારતે ૪ વિકેટે હાર આપીને ૨૦૦૦ની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલની હારનો બદલો પણ લઈ લીધો. છેલ્લાં કેટલાંક વરસોથી આઈસીસીની સ્પર્ધાઓમાં ન્યુઝીલેન્ડ ભારત પર ભારે પડતું હતું તેથી ક્રિકેટ ચાહકો ટેન્શનમાં હતા પણ રોહિત શર્માની ટીમે ઠંડા કલેજે રમીને ન્યુઝીલેન્ડને દરેક ક્ષેત્રે મહાત આપી.

ભારત માટે આ જીત મહત્વની છે કેમ કે છેલ્લાં કેટલાંક વરસોમાં ભારત આઈસીસી સ્પર્ધાઓ જીતતું નહોતું. ભારત સેમી ફાઈનલ કે ફાઈનલમાં આવીને ફસકી જતું હતું. ૨૦૨૩માં તો ભારતમાં જ વન ડેનો વર્લ્ડકપ રમાયેલો છતાં ભારત જીત્યું નહતું ને અમદાવાદમાં ઓસ્ટ્રેલિયા સામે શરમજનક રીતે હારેલું. ગયા વરસે ટી ૨૦ વર્લ્ડકપમાં ભારતે ફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે જીત મેળવીને એ સિલસિલો તોડ્યો અને હવે ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને ભારતે જીતનો સિલસિલો આગળ ધપાવ્યો છે ત્યારે આ ક્રમ જળવાય એવી આશા છે.

■■■

વૈશ્વિક ટુર્નામેન્ટમાં આ ભારતની આઠમી મોટી જીત છે.

ભારતે ૧૯૮૩માં કપિલદેવના નેતૃત્વમાં વર્લ્ડકપ જીતીને સૌને છક કરી દીધેલા કેમ કે એ વખતે વિશ્વ ક્રિકેટમાં વેસ્ટ ઈન્ડિઝનો ડંકો વાગતો હતો. વેસ્ટ ઈન્ડિઝને ભારત હરાવી શકે એવી કલ્પના પણ ના થઈ શકે એવા યુગમાં ભારતે ફાઈનલમાં વિન્ડિઝને હરાવીને વર્લ્ડકપ જીત્યો હતો.

બે વર્ષ પછી ભારતે ૧૯૮૫માં ઓસ્ટ્રેલિયામાં રમાયેલો મિનિ વર્લ્ડકપ એવો બેન્સન એન્ડ હેજીસ કપ જીતીને ક્રિકેટ ચાહકોને વધુ એક સુખદ ભેટ આપી હતી. સુનિલ ગાવસકરના નેતૃત્વમાં મળેલી આ જીતે આખા દેશને ઝૂમતો કરી દીધેલો કેમ કે ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને હરાવેલું. ભારત સંપૂર્ણ પ્રભુત્વ સાથે રમેલું અને એક પણ મેચ હાર્યું નહોતું.

ભારતે એ પછી વૈશ્વિક ટુર્નામેન્ટ જીતવા બહુ લાંબો ઈંતજાર કરવો પડેલો. ૧૯૯૬માં સચિન તેંડુલકરની જબરદસ્ત બેટિંગના કારણે યાદગાર બનેલા વર્લ્ડકપમાં સેમી ફાઈનલમાં શ્રીલંકા સામે હારેલા. ૨૦૦૨માં ચેમ્પિયન્સ ટ્રોફીમાં આપણે શ્રીલંકા સાથે સંયુક્ત વિજેતા જાહેર થયેલા પણ ફાઈનલ રમાઈ નહોતી તેથી એ જીતનો બહુ રોમાંચ નહોતો થયો. ૨૦૦૩માં સૌરવ ગાંગુલીના નેતૃત્વમાં જોરદાર દેખાવ કરીને ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારી ગયેલા. ૨૦૦૭ના વર્લ્ડકપમાં તો એટલો શરમજનક દેખાવ કરેલો કે, બાંગ્લાદેશ સામે હારી જતાં સુપર એઈટમાં પણ નહોતા પહોંચી શક્યા.

જો કે ૨૦૦૭માં જ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં પહેલી વાર રમાયેલો ટી-૨૦ વર્લ્ડકપ જીતીને ભારતે ક્રિકેટ ચાહકોને સુખદ આંચકો આપી દીધેલો. ભારતીય ટીમના તમામ ધુરંધરોની ગેરહાજરીમાં એકદમ યુવા ખેલાડીઓને લઈને ગયેલા ધોનીએ જબરદસ્ત કેપ્ટન્સી બતાવીને ભારતને ચેમ્પિયન બનાવેલું. યુવરાજસિંહ, ગૌતમ ગંભીર, ઈરફાન પઠાણ સહિતના ખેલાડી ભારતની જીતના હીરો તરીકે ઉભર્યા હતા.

ધોનીના જ નેતૃત્વમાં ભારતે ૨૦૧૧નો ક્રિકેટ વર્લ્ડકપ જીત્યો હતો. સચિન તેંડુલકર, ગૌતમ ગંભીર, ધોની, યુવરાજસિંહ સહિતના ખેલાડીઓના જબરદસ્ત દેખાવે ભારતને ચેમ્પિયન બનાવેલું. ધોનીએ ભારતને ૨૦૧૩માં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી જીતાડી હતી. ૨૦૧૩માં વરસાદના કારણે ૨૦-૨૦ ઓવરની કરાયેલી ફાઈનલમાં ભારતે ઈંગ્લેન્ડને હરાવેલું. ભારતે ૧૨૭ રન જ કરેલા છતાં ઈંગ્લેન્ડ એ સ્કોર નહોતું કરી શક્યું.

ભારતે એ પછી આઈસીસી સ્પર્ધા જીતવા લાંબો સમય રાહ જોવી પડી. છેવટે ગયા વરસે રોહિત શર્માની આગેવાનીમાં ટી ૨૦ વર્લ્ડકપ જીતીને એ દુકાળ પૂરો થયો હતો.

■■■

૨૦૨૪નો ટી ૨૦ વર્લ્ડકપ વિજય યાદગાર હતો.

વેસ્ટ ઈન્ડિઝના બાર્બાડોસમાં રમાયેલી ટી ૨૦ વર્લ્ડકપની દક્ષિણ આફ્રિકા સામેની ફાઈનલમાં જબરદસ્ત ચડાવઉતાર પછી ભારતે ૭ રને જીત મેળવીને બીજી વાર ટી ૨૦ વર્લ્ડકપ જીત્યો. ૨૦૦૭માં રમાયેલો પહેલો ટી ૨૦ વર્લ્ડકપ ભારતે જીતેલો પણ પછી ભારત સતત હાર્યા જ કરતું હતું. ભારત ૧૭ વર્ષ પછી ફરી ટી ૨૦માં વર્લ્ડકપ ચેમ્પિયન બન્યું છે અને ક્રિકેટ ચાહકોને ભારે રાહત આપી છે.

ભારત આખા વર્લ્ડકપમાં ચેમ્પિયનની જેમ રમેલું પણ ફાઈનલ સૌથી યાદગાર હતી. ભારતે ટોસ જીતીને પહેલી બેટિંગ લીધી પછી રોહિત શર્મા રાબેતા મુજબ બીજી ઓવરમાં રવાના થઈ ગયેલો. રોહિત શર્માની પાછળ પાછળ ઋષભ પંત અને સૂર્યકુમારની વિકેટો પણ પાવરપ્લેમાં પડી જતાં ૩૪ રનમાં ૩ વિકેટો ગુમાવીને ભારતની હાલત ખરાબ હતી ત્યારે કોહલીએ ઈનિંગ્સને સ્થિરતા આપી. કોહલીએ ૫૯ બોલ રમીને ૭૨ રન બનાવીને પોતાની છેલ્લી ૨૦ ઈન્ટરનેશનલ મેચને યાદગાર બનાવી દીધી હતી.

ભારતની ૩૪ રનમાં ૩ વિકેટો પડી ગયેલી ત્યારે અક્ષર પટેલે ૩૧ બોલમાં ૪ સિક્સર ને ૧ બાઉન્ડ્રી સાથે ૪૭ રન બનાવીને રન રેટ જાળવીને કોહલી પરનું દબાણ ઘટાડ્યું. શિવમ દુબેએ ૧૬ બોલમાં ૨૭ રન ફટકારીને કોહલીને બરાબર સાથ આપ્યો. કોહલીની અક્ષર અને શિવમ સાથેની ભાગીદારીના કારણે ભારતનો સ્કોર ૧૭૬ સુધી પહોંચ્યો પછી બોલરોએ રંગ રાખ્યો હતો.

દક્ષિણ આફ્રિકાની બેટિંગ વખતે હેનરિક ક્લાસેન અને ડેવિડ મિલર રમતા હતા ત્યારે મેચ આફ્રિકાની તરફેણમાં હતી. ૧૬ ઓવર પછી આફ્રિકાનો સ્કોર ૪ વિકેટે ૧૫૧ રન હતો ને ૨૪ બોલમાં ૨૬ રન કરવાના હતા તેથી ભારત હારી ગયેલું જ લાગતું હતું ત્યારે હાર્દિકે ૧૭મી ઓવરના પહેલા બોલે ક્લાસેનને આઉટ કરીને મોટો ફટકો માર્યો. હાર્દિકે ૧૭મી ઓવરમાં ૧ વિકેટ લઈને ૪ રન આપ્યા, બૂમરાહે ૧૮મી ઓવરમાં ૨ રન આપીને જેનસનને આઉટ કર્યો, અર્શદીપે કેશવ મહારાજ તથા મિલર બંનેને બાંધી રાખીને ૪ જ રન આપ્યા તેમાં આફ્રિકાએ છેલ્લી ઓવરમાં ૧૬ રન કરવાના આવ્યા.

મિલર સ્ટ્રાઈક પર હતો તેથી આફ્રિકાની જીતની શક્યતા હતી પણ સૂર્યકુમાર યાદવે મિલરનો યાદગાર કેચ પકડીને બાજી પલટી દીધી. ૧૯૮૩ની ફાઈનલમાં કપિલ દેવે વિવિયન રિચાર્ડ્સને આઉટ કરવા ૩૦ મીટર ઉંધા દોડીને પકડેલા કેચની યાદ અપાવતો કેચ યાદવે પકડ્યો હતો. દોડતાં દોડતાં બાઉન્ડ્રીની બહાર નીકળી ગયેલા યાદવે બોલ છોડીને પછી કૂદકો મારીને બાઉન્ડ્રીની અંદર આવીને બોલ પકડીને મિલરને આઉટ કર્યો એ દૃશ્ય ક્રિકેટ ચાહકો કદી નહીં ભૂલે.

■■■

ભારતના ભાગે આઈસીસી ટુર્નામેન્ટ્સમાં નિરાશા વધારે આવી છે.

૨૦૧૩માં ચેમ્પિયન ટ્રોફી જીત્યા પછી ભારતે સતત હાર જ ખમી. આપણું ઘોડું દશેરાએ જ દોડતું નહોતું. ૨૦૧૧ પછી ૨૦૧૫, ૨૦૧૯ ને ૨૦૨૩માં વનડે મેચોનો વર્લ્ડકપ રમાયો પણ આપણે ખરાબ રીતે હારેલા. ૨૦૧૪ના ટી ૨૦ વર્લ્ડકપમાં શ્રીલંકા સામે ફાઈનલમાં આપણે માત્ર ૧૩૦ રન કરેલા ને શ્રીલંકા સરળતાથી જીતી ગયેલું.

૨૦૧૫ના વર્લ્ડકપમાં આપણી ટીમ સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભૂંડી રીતે હારી ગયેલી. ૨૦૧૬ના ભારતમાં રમાયેલા ટી-૨૦ વર્લ્ડકપમાં વેસ્ટ ઈન્ડિઝે આપણને ઘરઆંગણે હરાવીને નાક વાઢી લીધેલું, સેમી ફાઈનલમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૯૪ રનનો સ્કોર ખડક્યા છતાં હાર ખમવી પડેલી.

૨૦૧૭ની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલની હાર તો વધારે આકરી હતી કેમ કે આપણા કટ્ટર હરીફ પાકિસ્તાન સામે હારી ગયેલા. રોહિત શર્મા, વિરાટ કોહલી, મહેન્દ્રસિંહ ધોની સહિતના આપણા કહેવાતા સુપરસ્ટાર્સ સાવ વાહિયાત શોટ્સ મારીને આઉટ થતાં આપણા નામે ૧૮૦ રનના તફાવતથી શરમજનક હાર લખાઈ ગઈ હતી.

૨૦૧૯ના વર્લ્ડ્કપની સેમી ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે ૨૩૧ રન જેવો મામૂલી સ્કોર આપણે ચેઝ નહોતા કરી શક્યા. કોહલી સહિતના ટોપ ઓર્ડરે ધોળકું ધોળ્યું હતું, મહેન્દ્રસિંહ ધોની અને રવિન્દ્ર જાડેજા રમેલા પણ તેમના પ્રયત્નો પૂરતા નહોતા તેથી શરમજનક રીતે હારેલા. ૨૦૧૯માં ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે પણ બેજવાબદારીભરી બેટિંગ કરીને કોહલીની ટીમ હારી ગયેલી. ૨૦૨૧ના વર્લ્ડકપમાં લીગ મેચમાં પાકિસ્તાન સામે હારીને આપણે ઘરભેગા થયેલા. વર્લ્ડકપમાં પાકિસ્તાન સામે નહીં હારવાનો આપણો રેકોર્ડ તૂટી ગયેલો. ૨૦૨૨ના વર્લ્ડકપની સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડે ટી ૨૦ વર્લ્ડકપના ઈતિહાસનો સૌથી શરમજનક પરાજય આપેલો. ભારતે પહેલાં બેટિંગ કરતાં ૧૬૮ રન બનાવ્યા હતા પણ આ સ્કોરને ઈંગ્લેન્ડે ફક્ત ૧૬ ઓવરમાં જ વિના વિકેટે પાર પાડી દેતાં ભારત ૧૦ વિકેટે હારી ગયેલું. એલેક્સ હેલ્સ અને જોસ બટલરે ભારતીય બોલિંગનાં છોતરાં કાઢી નાખેલાં.

૨૦૨૩માં ભારત વન ડે મેચોના વર્લ્ડકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ખરાબ રીતે હારી ગયેલું. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં રોહિત શર્માની ભારતીય ટીમે ધોળકું ધોળીને ૨૩૦ રનનો સ્કોર કરેલો. પેટ કમિન્સની ટીમે રમતાં રમતાં આ સ્કોર ચેઝ કરીને ભારતને હાર આપેલી.

ભારતે આ હારના છ મહિનામાં જ ટી ૨૦ વર્લ્ડકપ જીતીને ક્રિકેટ ચાહકોને રાહત આપેલી ને વરસ પછી હવે ચેમ્પિયન્સ ટ્રોફી પણ જીતી લીધી છે તેથી ક્રિકેટ ચાહકો ખુશ છે. ભારત હવે રીયલ ક્રિકેટ વર્લ્ડ પાવર લાગે છે.

■ sanjogpurti@gmail.com

# ધ ગ્લોરી ઓફ રોમ ઈઝ નોટ ઓફ અનધર ડે...



## ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

કોઈ પણ વસ્તુને નક્કર રુપ આપવાની ક્રિયા માટે અંગ્રેજીમાં **to cement** એવું વર્બ છે. આ વર્બ બેઠેબેઠું એક પદાર્થના નામ તરીકે પણ વપરાય છે. "સિમેન્ટ" શબ્દ લેટિન "કેમેન્ટમમાંથી આવ્યો છે," જેનો મતલબ થાય છે "રફ સ્ટોન." સિમેન્ટનો સમૃદ્ધ અને રસપ્રદ ઈતિહાસ છે જે હજારો વર્ષોમાં ફેલાયેલો છે.

ઈજિપ્તવાસીઓએ ૨૫૦૦ બીસીઈની આસપાસ મહાન પિરામિડ બનાવવા માટે જીપ્સમ આધારિત સિમેન્ટનો ઉપયોગ કર્યો હતો. ગ્રીક અને રોમનોએ કોંક્રિટ માટે બંધનકર્તા એજન્ટ બનાવવા માટે ચૂનો, પાણી અને જ્વાળામુખીની રાખનું મિશ્રણ કરેલું. આનો ઉપયોગ પેન્થિઓન અને કોલોઝિયમ જેવી રચનાઓમાં કરવામાં આવ્યો હતો.

મધ્ય યુગમાં ચૂનો મોર્ટારનો બાંધકામમાં ઉપયોગ થતો રહ્યો, પરંતુ રોમન તકનીકોની સમજના અભાવને કારણે તેની ગુણવત્તામાં ઘટાડો થયો.

ઔદ્યોગિક ક્રાંતિ (૧૫૦૦ સીઈ - ૧૮૦૦ સીઈ) દરમ્યાન

પોર્ટલેન્ડ સિમેન્ટ આવી. ૧૮૨૪ માં જોસેફ એસ્પડિન દ્વારા શોધ થઈ. એક ઈંગ્લિશ બ્રિકલેયર અને બિલ્ડરે ચૂનાના પત્થર, માટી અને અન્ય ખનિજોના મિશ્રણને ગરમ કરીને, વધુ મજબૂત, વધુ ટકાઉ સિમેન્ટ બનાવી.

પછી સિમેન્ટ પ્રોડક્શન શરુ થયું. પ્રથમ સિમેન્ટ ફેક્ટરી ૧૮૪૩ માં ઈંગ્લેન્ડમાં ખોલવામાં આવી હતી, જેમાં આધુનિક સિમેન્ટ ઉદ્યોગની શરૂઆત થઈ.

આધુનિક યુગ (૧૮૦૦થી - વર્તમાન)માં તકનીકી અને ઉત્પાદન પ્રક્રિયાઓમાં પ્રગતિમાં સિમેન્ટ ઉત્પાદનની કાર્યક્ષમતા વધી અને ખર્ચમાં ઘટાડો થયો છે.

નવા પ્રકારની સિમેન્ટ અસ્તિત્વમાં આવી છે. વિવિધ પ્રકારની સિમેન્ટ વિકસિત કરવામાં આવી છે, જેમ કે મિશ્રિત સિમેન્ટ્સ, ઉચ્ચ-શક્તિવાળી સિમેન્ટ્સ અને ટકાઉ સિમેન્ટ્સ.

તેમ છતાં એક રસપ્રદ હકીકત એ છે કે પ્રાચીન રોમનોએ એક બંધનકર્તા એજન્ટ બનાવવા માટે ચૂના, પાણી અને જ્વાળામુખી રાખના મિશ્રણનો ઉપયોગ કર્યો હતો જે આધુનિક સમયના સિમેન્ટ કરતા વધુ મજબૂત હતો. રોમન સમયની ઈમારતો આજે પણ એના પુરાવા રુપે ઊભી છે. ટોની બેનેટે ("આઈ લેફ્ટ માય હાર્ટ ઈન સાન ફ્રાન્સિસ્કો"માં) ભલે ગાયું હોય કે **The Glroy of Rome is of Another Day**" પણ સિમેન્ટ બાબતમાં તો એમ જ કહેવું પડે કે "ધ ગ્લોરી ઓફ રોમ ઈઝ નોટ ઓફ અનધર ડે..."

■ naranbaraiya277@gmail.com

# ખેડા જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષક: શ્રી રાજેશ સુમેરા સાહેબ



## સામાજિક અને શૈક્ષણિક



વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

જીવનમાં ક્યારેય નહોતું વિચાર્યું એ શિક્ષકના વ્યવસાય તરફ મારું જીવન આગળ વધી રહ્યું હતું. એમ.એ.બી.એડ ડિગ્રી મળ્યા પછી એવું લાગતું હતું કે હવે હું લેક્ચરર કે શિક્ષક તો બની જ જઈશ. મને કોઈ રોકી શકશે નહીં પણ એવું ન બન્યું. રિજેક્શનનો સામનો ઘણા બધા પરિબળોને કારણે કરવો પડ્યો. ઘણી શાળાઓમાં શિક્ષક માટે ઈન્ટરવ્યૂ આપવા છતાં પણ ક્યાંય સફળતા ના મળી. શિક્ષક તરીકે અનુભવ મેળવવા માટે મહિને રૂ.૩૦૦ માં પણ નોકરી કરી હતી અને યુપીએસસી પ્રયત્નોની સંખ્યા વધતી જતી હતી. આમ જીવનમાં એટલું ભણ્યા પછી કશું જ નથી મળ્યું એવું લાગવા માંડ્યું હતું.

મે ફરી એ જ મિત્ર પ્રકાશ ભાવસાર કે જે લગ્ન પ્રસંગમાં વીડિયો કેમેરાને લાઈટમેન તરીકે કામ આપતા હતા તેમના અંબિકા લેમીનેશન બિઝનેસમાં ૮૦૦ રૂપિયા પગારમાં નોકરી શરૂ કરી સાથે સાથે ઘરે પંદરસો રૂપિયાનો પગાર છે એવું જૂઠું બોલીને લગ્નજીવન પણ શરૂ કર્યું હતું. અહી વાંચવાની અને અભ્યાસ કરવાની મને છૂટ મળતી હતી. પરીક્ષામાં રજા પણ આપતા હતા. આમ હું જીપીએસસી વર્ગ ૧ અને ૨ ની પરીક્ષા આપવા તૈયારી કરવા લાગ્યો. મુંબઈ બોર્ડની પરીક્ષા પાસ કરી. જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા પાસ કરી અને **PGT (GEOGRAPHY)** શિક્ષક તરીકે કઠલાલ અને નવોદય વિદ્યાલય દુમરા કચ્છમાં પણ કાર્ય કર્યું હતું. આ દરમિયાન કચ્છના પ્રિન્સિપાલ એસ.કે. શર્મા અને કઠલાલના ટેકાલે દ્વારા પણ મને જીવન ઘડતરનો પાયો મજબૂત કરવામાં તક મળતી રહી. નવોદયમાં હતો તે દરમિયાન રાજ્ય સરકારની પ્રાથમિક શિક્ષકની વિદ્યા સહાયક ભરતીમાં કચ્છના અંતરીયાળ બન્નીના મીઠાના રણ વિસ્તારમાં હોડકો પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી મળી હતી. નવા યુગની શરૂઆત પ્રથમ દિવસથી મુખ્ય શિક્ષકની ઉપાધિથી શિક્ષણ અને વહીવટ સાથે થઈ. એ જ વર્ષમાંથી સ્ટેટ રિસોર્સ ગ્રુપ (**SRG**) ની પરીક્ષા સામાજિક વિજ્ઞાનમાં પાસ કરી. ઈડરથી પ્રેરણાધામ જૂનાગઢથી સફર શરુ કરી એન.સી.એફ અભ્યાસક્રમ, ભાર વિનાનું ભણતર **RTE** ૨૦૦૯ વિવિધ વિષયોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. જેમાં **GCERT**નાં ડાયરેક્ટર નલીન રવિન્દ્ર દવે પંડિત, પી.ટી. પંડ્યા, ટી.એસ. જોષી ડો.સુબીર શુક્લા જેવા નામાંકિત શિક્ષણશાસ્ત્રી સાથે કામ કરવાની તક મળી. કેળવણીકારો સાથે વિચાર-વિમર્શ અને સંવાદ શરૂ થયા ગુજરાતના ધોરણ ૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોના લેખક તરીકે તક મળી અને પ્રવૃત્તિ આધારિત સ્વાધ્યાયપોથી અને પુસ્તકોની રચનામાં ઊંડાણથી કામ કર્યું. તેજ વર્ષે જીપીએસસી વર્ગ- ૧ અને વર્ગ-૦૨ની પરીક્ષામાં સફળતા ૧૧ માર્કસથી દુર રહી. ડાયટ ભુજ અને **GCERT**નાં માધ્યમથી બાયસેગ દ્વરા ટી.વી. પર ઓન એર લાઈવ દૂરવર્તી શિક્ષણનો લાભ છેવાડાનાં વિદ્યાર્થીઓને પણ આપ્યો. આચાર્ય સી.આર.સી.ની ભૂમિકા પછી અને નેતૃત્વના પાઠ શીખવા એ જ વર્ષમાં **HTAT**ની પરીક્ષા પાસ કરી અને અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં ગોકળપુરા પ્રાથમિક શાળામાં હેડ ટીચર તરીકે કાર્ય કર્યું. એ દરમિયાન ગાંધીનગર સાથે બાયસેગના માધ્યમથી દૂરવર્તી શિક્ષણના સામાજિક વિજ્ઞાનના એકમ ભૂગોળના પાઠ આપવાનું પણ કામ કર્યું. અભ્યાસક્રમની રૂપરેખા તૈયાર કરવાનું કાર્ય કર્યું. ત્યારબાદ રાજ્ય પરીક્ષા બોર્ડની પરીક્ષાની કામગીરી પણ કરી. ૨૦૧૭માં ગુજરાત શિક્ષણ સેવા વર્ગ- ૦૨ ની જીપીએસસી દ્વારા લેવાયેલ પરીક્ષા ઉતીર્ણ કરી બોટાદ જિલ્લામાં આચાર્ય વર્ગ -૨ અને શિક્ષણ નિરીક્ષક વગેરે વધારાના હવાલાઓ સંભાળ્યા. ત્યાં આગળ ગુજરાત જાહેર સેવા આયોગ અને ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાની કામગીરી પણ કરી. એકંદરે બોટાદમાં સંઘર્ષમય જીવન રહ્યું. બોટાદ જિલ્લામાંથી તારીખ ૨૯/ ૧૧ /૨૦૧૯ ના રોજ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં સરકારી માધ્યમિક શાળા અપ્રુજી મુકામે બદલી થતા ત્યાં શાળાની ભૌતિક સુખ સગવડતાઓ, ભાવાવરણ, વાતાવરણ તેમજ ડિજિટલી ક્રાંતિ માટે પ્રયત્નો કર્યા. ખેડા જિલ્લામાં યોજાતી વિવિધ પરીક્ષાઓ જેવી કે એસએસસી, એચએસસી બોર્ડની પરીક્ષાઓમાં સક્રિય ભાગીદારી રૂપ કામ કર્યું અને જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમમાં સારી રીતે કામ કરી જિલ્લાનું નામ પણ આગળ આવે તેવા કામ કર્યા હતા. ત્યારબાદ તા.૧૩/૧૦/૨૦૨૨ ના રોજ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીમાં એજ્યુકેશન ઈન્સ્પેક્ટર તરીકે મારી બદલી થતાં સમગ્ર જિલ્લાની તમામ શાખાઓમાં કાર્ય કર્યું. જિલ્લાનું તમામ પ્રકારનું કામ હાથમાં લઈ અને સારી રીતે શિક્ષકો, આચાર્યો તેમજ સંચાલક મંડળો સાથે પૂરેપૂરો રસ લઈને કામ કર્યું. ખેડા જિલ્લાની યશકલગીમાં પીછું ઉમેરાય તેવા શિક્ષણના શ્રેષ્ઠ કાર્યો કર્યા. રાજેશભાઈ સુમેરા સાહેબ બાહોશ અધિકારી છે. તેમનો સૌમ્ય અને પ્રેક્ટીકલ સ્વભાવ અનેક લોકો માટે દીવાદાંડી સમાન પુરવાર થયો છે.

■ Mo.9825702282

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



પછીના ચાર પદાર્થની ગુણવત્તાની દ્રષ્ટિએ અને પરિણામે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. છાણ, લાકડા, કોલસા અને સૂર્યકુકરમાં રાંધેલા અન્નની સુપાચ્યતા અને સ્વાદ બંને ઉત્તમ હોય છે એવો સ્વાદ બીજી કોઈપણ રીતે આવતો નથી. આશ્ચર્યની અને દુઃખની બાબત એ ગણાય કે જે સૌથી વધુ હાનિકારક છે એનું આકર્ષણ આપણને સૌથી વધુ હોય છે એમાં જ આપણને સગવડ લાગે છે. દાખલા તરીકે માઈક્રોવેવ. માઈક્રોવેવના કિરણો સ્વાસ્થ્ય માટે અતિશય હાનિકારક છે. કેન્સર જેવા રોગોને નિમંત્રણ આપે છે છતાં ડોક્ટરોના ઘરમાં પણ એનો ઉપયોગ થતો જોવા મળે છે. આપણે આપણી જીવનશૈલી એવી બનાવી દીધી છે કે જે સૌથી વધુ ગુણકારી છે એ આપણે માટે સહેલાઈથી મળે એમ પણ નથી અને મળતું હોય તો એ વાપરવામાં આપણને ઘણી બધી અગવડ અને માથાકૂટ લાગે છે દાખલા તરીકે છાણા આપણા માટે સુલભ નથી. લાકડા કે કોલસા આપણને અગવડભર્યા લાગે છે અને સૂર્યકુકરની ઝંઝટ આપણને ગમતી નથી આ તો આપણે જાતે જ ઊભી કરેલી મુશ્કેલીઓ છે. એમાં આપણું અજ્ઞાન અને અણસમજ કારણભૂત છે. સારું હોય એ ગમતું પણ હોય એ ટેવનો અને સંસ્કારનો વિષય છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

● ભોજન સાત્વિક હોવું જોઈએ એટલે શું?

સત્વગુણ યુક્ત હોય. સત્વ ગુણ વધારે હોય એવા ભોજનને સાત્વિક ભોજન કહેવાય. સાત્વિક લોકોને પ્રિય હોય એવા ભોજનને સાત્વિક ભોજન કહેવાય, જે ભોજન કરવાથી મન પ્રસન્ન બને, શાંત બને, વિકારો ઓછા થાય, સારી બાબતો કરવાની ઈચ્છા થાય, કામ ક્રોધ લોભ મોહ મદ મત્સર ઓછા થાય, સત્સંગ કરવાની, જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય, સજ્જન બનવાની ઈચ્છા થાય એવા ભોજનને સાત્વિક ભોજન કહેવાય જેનાથી શારીરિક માનસિક સ્વાસ્થ્ય સારું રહે, હૃદયને બળ મળે અને આયુષ્ય વધે એવા ભોજનને સાત્વિક ભોજન કહેવાય.

સારા માણસોએ સારી ભાવનાથી બનાવેલું ભોજન સાત્વિક હોય, શુદ્ધ અને પ્રામાણિક કમાણીમાંથી પ્રાપ્ત કરેલી સામગ્રીમાંથી બનાવેલું ભોજન સાત્વિક કહેવાય. સ્થાન, વસ્ત્ર, શારીરિક, માનસિક, સ્થિતિ વગેરેની પવિત્રતા જાળવીને બનાવેલું ભોજન સાત્વિક હોય. ભૂખ્યાને આપ્યા પછી ભગવાનને ધરાવ્યા પછી પ્રસાદ રૂપે ગ્રહણ કરાતું ભોજન સાત્વિક હોય છે. અન્નને દેવતા માનવાનો ભાવ ભોજનને સાત્વિક બનાવે છે.

● સાત્વિક અને પૌષ્ટિક ભોજનમાં શું ફેર?

સાત્વિક ભોજન વિશે આગળ વિવરણ આવી ગયું. પૌષ્ટિક એટલે શરીરને પોષણ આપે એવું એટલે કે શરીરને ખડતલ અને હૃદય પુષ્ટ બનાવે, તાકાત વધારે એવા ભોજનને પૌષ્ટિક ભોજન કહેવાય. પૌષ્ટિક ભોજન સાત્વિક ન હોય એમ પણ બની શકે, દાખલા તરીકે કાંદા, લસણ, રીંગણ, તેલ, મરચું, વગેરે પૌષ્ટિક તો છે પરંતુ સાત્વિક નથી જ્યારે ઘી, દૂધ, શીરો, લાડુ વગેરે સાત્વિક પણ છે અને પૌષ્ટિક પણ છે. બજારનું ભોજન પૌષ્ટિક હોઈ શકે છે. જ્યારે ઘરનું ભોજન પૌષ્ટિક અને સાત્વિક બંને હોય છે. અપવિત્ર વાતાવરણમાં બનાવેલું અને આરોગેલું ભોજન પૌષ્ટિક તો હોઈ શકે, તેનાથી શરીર મજબૂત બને પણ સંસ્કાર સારા ન થાય, મનોવૃત્તિ સારી ન બને.

● એલ્યુમિનિયમના વાસણોમાં રસોઈ કેમ ન કરાય?

એલ્યુમિનિયમ શરીર ઉપર ઝેર જેવી અસર કરે છે, વળી તે પદાર્થો સાથે બહુ સહેલાઈથી ભળે છે. એલ્યુમિનિયમની ડોલમાં રાત્રે પાણી ભરી રાખીએ તો સવારે છારી બાઝેલી દેખાય છે એનો અર્થ એ કે પાણીમાં રહેલા ક્ષાર અને એલ્યુમિનિયમની આંતરક્રિયા માત્ર પડી રહેવાથી પણ થાય છે. ભોજન બનાવતી વખતે ગરમી, ખાટા- ખારા મસાલા, તેલ, પદાર્થમાં રહેલા ક્ષાર વગેરેની સાથે એલ્યુમિનિયમના પાત્રની આંતરક્રિયા વધારે તીવ્રતાથી થાય છે. એલ્યુમિનિયમ પદાર્થો સાથે ભળીને શરીરમાં જાય તો અનેક પ્રકારના ગંભીર રોગોનું કારણ બને છે. તેથી રસોડામાં ખરેખર તો એલ્યુમિનિયમના પ્રવેશ ઉપર જ પ્રતિબંધ હોવો જોઈએ.

● જમવા માટે કયા વાસણો સારા ગણાય?

જમવા માટે શ્રેષ્ઠતાનો ક્રમ આ પ્રમાણે છે સોનું, ચાંદી, પાંદડા, કાંસુ, કલાઈ, કરેલું પિત્તળ, માટી, કાચ, કાગળ, એલ્યુમિનિયમ, પ્લાસ્ટિક, આ પૈકી અંતિમ બે નિષેદ્ધ ગણાય એટલા નુકસાનકારક છે. માટી અને કાચ તટસ્થ ગણાય, કલાઈ કરેલા પિત્તળના અને કાંસાના મધ્યમ ગણાય અને પાંદડા, ચાંદી અને સોનું ઉત્તમ ગણાય.

● રસોઈને ગરમ રાખવા માટે થર્મોવેરનો ઉપયોગ કરાય કે ન કરાય?

થર્મોવેરનો ઉપયોગ ન કરાય. પહેલું કારણ તો સ્વાસ્થ્યનું છે. અંદર જે ધાતુનો ઢોળ ચઢાવેલો હોય છે તે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. વળી કૃત્રિમ રીતે ગરમ રાખેલી વસ્તુ સમય જતા તાજી તો ન જ ગણાય. રસોઈ ગરમ હોય એ કરતા તાજી હોય એ વધુ જરૂર છે, ગરમ રહે પણ તાજી ન રહે તો એનાથી થતું નુકસાન તો થાય જ છે. હા, ગરમ હોવાને કારણે સ્વાદિષ્ટ લાગે એથી આપણા મનમાં ભ્રમ નિર્માણ થઈ શકે.

● ભોજન બનાવ્યા પછી જમતા પહેલા એની આહુતિ શા માટે આપવામાં આવે છે.

ભોજન માત્ર પેટ ભરવાની ક્રિયા નથી તે યજ્ઞ છે. યજ્ઞનો સ્થૂળ અર્થ છે અગ્નિમાં પદાર્થની આહુતિ આપવી. આપણે ભોજન કરીએ છીએ ત્યારે જઠરાગ્નિને આહુતિ આપીએ છીએ તે પૂર્વે જે અગ્નિને કારણે ભોજન બને છે તે અગ્નિને પણ અન્નની આહુતિ આપવી એ એના પ્રત્યે આદર અને કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરવા બરાબર છે. જઠરાગ્નિ આપણા શરીરને કાર્યરત રાખે છે જ્યારે બહારનો અગ્નિ વિશ્વને કાર્યરત રાખે છે. અન્નની આહુતિ એ વિશ્વને ટકાવવા માટે આપણે આપેલો નાનકડો ફાળો છે.

● ભોજન શરૂ કરતા પહેલા પ્રાર્થના શા માટે કરવી જોઈએ.

ભોજન શરૂ કરતા પહેલા પ્રાર્થના કરવાથી મન શાંત અને સ્થિર બને છે. ભોજન બનાવનારનું અને ભોજન આપનારનું સ્મરણ રહે છે. આપણે એક સત્કાર્ય કરી રહ્યા છીએ એનું ભાન રહે છે. ભોજનથી પ્રાપ્ત પુષ્ટિ અને સદુપયોગ કરવાની જવાબદારીનો બોધ થાય છે. તેથી પ્રાર્થના કરવી જોઈએ.

● ઉભા ઉભા જમવામાં સગવડ પડે છે તો ઉભા ઉભા જમાય કે કેમ?

ઉભા ઉભા ન જમાય એનાથી મન સ્થિર રહેતું નથી, પાચન મંદ પડે છે, થાળી વગેરે પકડવામાં અગવડ જ પડે છે. ભોજનની પવિત્રતા કે શુદ્ધિ જળવાતી નથી. એ શિસ્ત અને સંસ્કાર યુક્ત આચરણ નથી.

● પગરખા પહેરીને જમવામાં શું ખોટું છે ?

પગરખા પહેરીને નીચે બેસવું મુશ્કેલ હોય છે. પગરખા પહેરીને કાં તો ખુરશીમાં બેસીને અથવા ઉભા ઉભા જ જમવું પડે છે જે યોગ્ય રીત નથી.

પરંપરાથી પગરખા અપવિત્ર ગણાયા છે. કારણ કે રસ્તાની ગંદકી એમાં ચોટેલી હોય છે. જમતી વખતે હાથપગ ધોવાની રીત છે. પગરખા પહેરવાથી પગ ધોવાનું અશક્ય બને છે તેથી પવિત્રતા જળવાતી નથી.

પગરખા પહેરવાની કોઈ જરૂર પણ નથી. રસ્તાની અશુદ્ધિથી પગનું રક્ષણ કરવા માટે પગરખા પહેરવાના હોય છે.

ભોજન કરવાનું સ્થાન શુદ્ધ અને પવિત્ર જ હોય છે ત્યાં પગનું રક્ષણ કરવાની જરૂર હોતી નથી. ઉલટાનું પગરખાથી જ એ સ્થાનની પવિત્રતાનું રક્ષણ કરવાની જરૂર હોય છે. તેથી જમતી વખતે પગરખા ન પહેરવા જોઈએ.

● કેટલાક લોકો નાહ્યા વગર રસોઈ બનાવતા નથી. કેટલાક લોકો રસોઈ બનાવ્યા પછી નહાય છે. બેમાંથી યોગ્ય ક્યુ?

સ્નાન કરવાથી તન અને મન શુદ્ધ અને પવિત્ર થાય છે. સ્નાન કર્યા પછી આપણે કપડાં પણ ધોયેલા અને ચોખ્ખા પહેરીએ છીએ. સ્નાન કર્યા પછી આપણે પ્રભુ સ્મરણ પણ કરીએ છીએ. આ બધાનો પ્રભાવ રસોઈ ઉપર પડે છે. રસોઈ પ્રત્યેનો આપણો દ્રષ્ટિકોણ પણ ભાવના યુક્ત બને છે.

જે લોકો રસોઈ કર્યા પછી નહાય છે તેઓ રસોઈ કરવાને એક સામાન્ય થકવી દેતું, પરસેવો પેદા કરતું, કપડાં બગાડતું એક પતાવવા જેવું કામ ગણે છે. એમાં પવિત્રતા હોતી નથી. તેથી તેઓ કામ પહેલા પતાવે છે પછી ચોખ્ખા અને તાજા થવા માટે નહાય છે. સ્વાભાવિક છે કે નહાયા પછી રસોઈ કરવી વધારે યોગ્ય છે.

● હોટલમાં જમવું કેટલું યોગ્ય ગણાય ?

અત્યારના સમયમાં લોકોને હોટલમાં જમવું વધારે પસંદ હોય છે.

જે હોટલ સ્વચ્છતા જાળવતી હોય, પૌષ્ટિક ખોરાક તૈયાર કરતી હોય, વાસી ખોરાક સમયસર નાખી દેતી હોય અને લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ખોરાક તૈયાર કરતી હોય તો તેવી હોટલમાં જમવું જોઈએ.

પરંતુ જે હોટલ તમારા સ્વાસ્થ્ય ને બગાડનારી હોય, હોટલના રસોડામાં રસોઈ બનાવનાર માણસો અને પીરસનાર માણસો સ્વચ્છતા ન જાળવતા હોય, ભોજનમાં વપરાતી સામગ્રી શુદ્ધ અને ગુણવત્તા યુક્ત ન હોય અને ભાવપૂર્વક જમાડવાની કોઈ વ્યવસ્થા હોય નહીં અને હોટલમાં જમવું મોંઘુ હોય તો તેવી હોટલમાં જમવું જોઈએ નહીં.

● રસોઈ સ્ત્રીઓએ જ બનાવવી જોઈએ કે પુરુષો પણ બનાવી શકે?

સ્ત્રીઓ પુરુષો બધા રસોઈ બનાવી શકે. પરંપરાથી રસોઈ એ સ્ત્રીઓનું કામ ગણાય છે પરંતુ સ્ત્રીઓ કરતા પુરુષો પણ સારી રસોઈ બનાવતા હોય છે જેથી કરીને સ્ત્રીઓ જ રસોઈ બનાવે તે દ્રષ્ટિકોણ બદલવાની જરૂર છે. શ્રેષ્ઠ કામ રસોઈ કરવું તે ગણીશું તો સ્ત્રીઓ અને પુરુષો બંને રસોઈ બનાવી શકે છે.

● અનાજ વાવતા પહેલા ખેતરમાં યજ્ઞ કરવાથી શું થાય?

અનાજ વાવતા પહેલા ખેતરમાં યજ્ઞ કરવાથી માટીનું અને વાતાવરણ શુદ્ધિકરણ થાય, ખેતી કરનારની ભાવના સંસ્કારી થાય અને ખેતી કરવાના કાર્યને શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય.

● ફ્રીજમાં રાખેલા પાણીમાં અને માટલાના પાણીમાં શું ફેર હોય છે.

- ફ્રિજમાં રાખેલું પાણી ઠંડુગાર કૉલ્ડ હોય છે જ્યારે માટલાનું પાણી શીતળ કુલ હોય છે.

- ફ્રીજનું પાણી જંતુમુક્ત હોતું નથી. માટલાનું પાણી આપોઆપ જંતુમુક્ત બને છે.

- ફ્રીજના પાણીથી કબજિયાત, અગ્નિમાંદ્ય, શરદી વગેરે થાય છે. માટલાના પાણીથી કોઠો ટાઢો થાય છે.

- ફ્રીજના પાણીનો સ્વાદ બદલાઈ જાય છે તેનો અર્થ એ કે એમાં કોઈક વિપરીત પ્રક્રિયા થઈ છે. માટલાનું પાણી રુચિકર હોય છે. ફ્રીજના ઠંડાગાર પાણીથી તરસ છીપતી નથી અને માટલાનું પાણી તરસ છીપાવે છે.

● મિનરલ વોટર પીવાની કેટલાક લોકો ના પાડે છે તેનું કારણ શું?

- મિનરલ વોટરમાં પાણીમાં પ્રાકૃતિક રીતે રહેલા ક્ષાર અને ખનીજોને બદલે કૃત્રિમ ખનિજો ભેળવવામાં આવે છે. પાણીના શુધ્ધિકરણની આ પ્રક્રિયા સ્વાસ્થ્ય માટે સારી નથી.

- મિનરલ વોટર પ્લાસ્ટિકનાં પાત્રોમાં જ રાખેલું હોય છે એ એનો મોટો અવગુણ છે. પ્લાસ્ટિકના નિરંતર સ્પર્શથી પાણી ઊલટાનું દૂષિત થાય છે જે અનેક રોગોનું કારણ બને છે.

- મિનરલ વોટરનો સ્વાદ સ્વાભાવિક હોતો નથી.

- મિનરલ વોટરમાં પણ અનૂચિત ભેળસેળની સંભાવના રહે છે.

પૈસા ખર્ચીને તૈયાર કરવા જેટલું, વેચવા જેટલું અને ખરીદીને પીવા જેટલું એનું મૂલ્ય નથી. પરંતુ જે લોકો કાયમ મિનરલ વોટર જ પીતા હોય તે કુદરતી નદી, ઝરણા કે બોરનું પાણી પીવે તો તેમને એ પાણી પચવામાં ભારે પડે છે અને ડાયેરીયા પણ થઈ શકે છે. માટે તમારા સ્વાસ્થ્યને અનુકૂળ હોય તે પાણી પીવું જોઈએ.

hemangidmehta@gmail.com

# બાબલાએ પેપર સોલ્વ કર્યું કે નહીં?




બકાના બાબલાને બારમું હતું. બાબલો જાગે એના કરતા બકો વધારે જાગે. બાબલાએ પેપર સોલ્વ કર્યું કે નહીં ? બાબલો કયારે સૂતો ? બાબલો વહેલો ઊઠ્યો કે નહીં? ઊઠીને શું શું કર્યું ? હાથમાં ચોપડી છે કે મોબાઈલ ?? પેપરનો સમય થાય એટલે બાબલાને ઉતાવળ ના હોય એટલી બકાને તાલાવેલી ઉપડે. 'મોડું થાહે તો સુપરવિઝન વાળા ઘરવા નહીં દે. અને ગાંડો ટ્રાફિક તો તને ખબર છે ને!! અને એકાદ પેપર પડશે ને, તો મારી બધી જ મહેનત ઉપર પાણી ફરી વળશે.' ત્યારે બાબલો બોલતો. 'હા, બાપા હા. મહેનત તો તમે જ કરી છે ને. મેં તો ગામ ગપાટા અને સીન સપાટા કર્યા છે. એક કામ કરો. મારા બદલે પેપર લખવા તમે બેહી જાવ.'

બકો હોઠમાં હસીને બોલતો. 'તો તો ક્યાં વાંધો જ હતો. હું તો આખે આખું પેપર જ ઘચડી નાંખત. પછી ભલેને માર્ક દેવાં વાળા દીધે જ રાખે. દીધે જ રાખે.' 'હાં તો તમારા જમાનામાં માર્ક લેવા હતા ને !! કોઈએ ના પાડી 'તી !??' 'હવે હાવ તારી મા જેવો થામા. અને ધ્યાન દઈને પેપર લખજે.' આમ બકો સિમાડા હુધી શિખામણ આપે. અને પેપર પુરું થાય ત્યાં હુધી સ્કૂલના ઝાંપે બેહે. છેલ્લા બે દિવસથી બકો વિચારી રહ્યો હતો કે, 'બાબલાને સ્કૂલમાં જ અને પેપર ટાણે જ કેમ ઉનવા ઉપડે છે ? એ વારે વારે વોશરૂમ કેમ જાય છે? અને એકલો બાબલો જ નહીં!! કેટલા 'ય છોકરાઓ વારંવાર વોશરૂમ જાય છે. કાલે બાબલાને રજા છે. એમને હારા દવાખાને લય જાવો છે.' સવાર પડતાં જ બકાએ બાબલાને ઉઠાડ્યો.' હાલ બાબલા આપણે ડોક્ટરને બતાવીએ.' 'પણ, મને શું થયું છે? હાજો નરવો તો છું.' 'ઉનાળો શરૂ થયો છે. એટલે તને ઉનવા થ્યો છે.' 'પણ, બાપા મને કાંઈ થયું જ નથી.' 'તું નાનકડો કેવાય. તને આમાં જાજી હમજ ના પડે. અમે દુનિયા જોઈ છે. તને ઉનવા જ થયો છે. હાલ આપડે મોટા ડોક્ટરની પાંહે જઈ આવીએ. બાબલાને પરાણે દવાખાને લઈ ગયા. ડોક્ટરે બાબલાનો હાથ હાથમાં લઈને પુછ્યું. 'શું થાય છે?' 'મને કાંઈ થાતું -બાતું નથી. મારા બાપાને થાય છે.' બકાએ ચોખવટ કરી. 'ડોક્ટર! આમને ઉનવા થયો છે.'

'હા પણ, ઉનાળો તો હજી શરું જ થયો છે. આમાં ઉનવા ના થાય.'



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

બાબલો બોલ્યો. 'હું કયારનો એ જ કહું છું કે, મને કાંઈ થયું નથી. પણ, મારું તો માનતાં જ નથી.' 'ડોક્ટર!! તમે એના લખણ મતલબ લક્ષણ જૂઓ. એ વારે વારે વોશરૂમ જાય છે.' 'હા પણ, મને આવા કોઈ જ લક્ષણો દેખાતા નથી. છતાંય, શું એ આખો દિવસ વોશરૂમ જાય છે? ' 'ના ના ના, ડોક્ટર. એ માત્ર સ્કૂલમાં જ વોશરૂમ જાય છે.' 'તો તો પછી મારે બીજાં છોકરાઓને પણ તપાસવા પડે.' 'મને લાગે છે કે, સ્કૂલ વાળાએ જ કાંઈક જાદુ- ટોના કર્યુ હશે.' 'એટલે તમે કે 'વા શું માંગો છો ? 'ડોક્ટરને આશ્ચર્ય થયું. આવું કેમ બની શકે??' 'ડોક્ટર ડોક્ટર, માત્ર પોપ્યુલર સ્કૂલના વિદ્યાર્થીઓ જ વોશરૂમ જાય છે. એટલે સ્કૂલ વાળાએ કાંઈક કર્યું હોવું જોઈએ. પણ, ઉનવા થયો છે ઈ પાક્કું.

તમ તમારે દવા દારૂ કરો. 'દારૂ !?? એ કેમ ? ગુજરાતમાં તો દારૂબંધી છે ને. 'મતલબ દવા... દવા કરો.' ડોક્ટરે બાબલાને ફરી એકવાર તપાસ્યો. અને મનમાં જ બબડ્યા.

'આને ઓલ્યા દાદાનાં અહક જેવું લાગે છે. દાદાનું અહક કેનેડાની એકેય કોલેજમાં ભણાવ્યું નહોતું. અને એકેય ચોપડામાં અહક નામનું દર્દ જ નહોતું. છતાંય, દાદાને અહક થયું હતું. આવું તો આ બાબલાને નથી થયું ને !?? 'ડોક્ટરે ગૂગલ મહારાજને પુછ્યું. પણ, ગૂગલ મહારાજે 'ય ગોળ ગોળ ફેરફદુડી ફરવા માંડ્યા.

માથું ખંજવાળીને, થાકીને ચોપડા ઉખેળ્યા. પણ, બાબલાનો ઉનવા ના પકડાયો એટલે ના જ પકડાયો. છેવટે હારી થાકીને પેપર ઉપર હાથ પછાડયો.

અને અચાનક જ એક સમાચાર ઉપર એમની નજર ગઈ. 'રાજકોટ પાસે પોપ્યુલર સ્કૂલમાં બારમાં ધોરણમાં ચોરીનો નવો નૂસખો.' અને ડોક્ટરની એક સાથે અનેક ટ્યુબલાઈટો ઝબકી ગઈ. 'બકા..!' બોલો ને સાહેબ. મતલબ! બકાના બાબલા !! અંદરની ચેમ્બરમાં તારી સ્પેશિયલ તપાસ કરવી પડશે.' ડોક્ટર પોતાનું સ્ટેથોસ્કોપ છોડીને, પેપર હાથમાં લઈને અલગ ચેમ્બરમાં ગયા. બકાને નવાઈ લાગી. શું કરવું હશે !?? ' જો બાબલા હાસે હાસુ બોલી જા. આ છાપામાં સમાચાર છપાયા ઈ હાસા છે'?' 'હા, ડોક્ટર! મને ઉનવા નથી થયો. પણ, અમારી પોપ્યુલર સ્કૂલના માસ્તરોનો આ પોપ્યુલર પ્લાન હતો. માસ્તરો જ જવાબની માઈક્રોકોપી વોશરૂમમાં મૂકી આવતા. અને અમને વર્ગમાં આવીને ઈશારો કરતા. અમે વોશરૂમની મંજૂરી લેતા અને કોપી હાથવગી કરતા. એમ વારાફરતી વોશરૂમ જતા. બીજી સ્કૂલનાં વિદ્યાર્થીને વોશરૂમ જવાની મંજૂરી ના મળતી. આ હતો અમારો ઉનવા. મતલબ પોપ્યુલરનો પોપ્યુલર પ્લાન. ડોક્ટરે 'ય રૂપિયા એક હજાર લઈને પોપ્યુલર પ્લાનને વધારે પોપ્યુલર બનાવ્યો.

kalubhaibhad123@gmail.com

# સ્વર્ગનો અહેસાસ કરાવતું સ્થળ...દૂધપથરી

દૂધપથરી કાશ્મીરનું એક ખૂબ જ સુંદર અને નાનું હિલ સ્ટેશન છે. શાંત અને સુંદરતાથી ભરપૂર કાશ્મીરનું આ સ્થળ, જ્યાં વાસ્તવિક સ્વર્ગનો અનુભવ તમે માણી શકશો.

જો તમે ઉનાળામાં ફરવાના શ્રેષ્ઠ સ્થળની મુલાકાત લેવાનું વિચારતા હોવ, તો કાશ્મીરમાં એવાં ઘણાં સુંદર ગામ છે, જે હજુ ય ભીડ અને ઘોંઘાટથી દૂર જ વસી રહ્યાં છે. જો તમારે આવી કોઇ જગ્યાએ જવું હોય તો, તો કાશ્મીરનું દૂધપથરી એટલે દૂધની ખીણ. બસ પહોંચી જ જાવ.

દૂધપથરી વિશે આજે પણ બહુ ઓછા લોકો જાણે છે.

દૂધપથરી : દૂધપથરી કાશ્મીરનું એક ખૂબ સુંદર અને નાનું હિલ સ્ટેશન છે. દરિયાઈ સપાટીથી ૨,૭૩૦ મીટરની ઉંચાઈએ સ્થિત, દૂધપથરીમાં લીલાછમ ઘાસના મેદાનો અને બરફથી ઢંકાયેલા પર્વતો તમને એક અલગ જ દુનિયાનો અનુભવ કરાવશે.

દૂધપથરીમાં જોવાલાયક સ્થળ

૧. શાલીગંગા નદી :

ઊંચા પર્વતોમાંથી વહેતી શાલીગંગા નદી એક અદ્દ્ભુત નજારો ઊભો કરે છે. જે તમે દૂધપથરી આવીને આ નજારાને રૂબરૂ જોઈ-માણી શકશો. કંઈ જ ન કરતા, તમે અહીં શાંતિથી બેસીને આસપાસના સૌંદર્યને માણશો તો પણ તમને એક પ્રકારની માનસિક શાંતિનો અહેસાસ થશે. શાલીગંગા નદી દૂધપથરીમાં એવી જ એક જગા છે, જ્યાં તમે ઘાસના મેદાનમાં લગભગ ૨ કિ.મી.ની મુસાફરી કરીને અહીં પહોંચી શકો છો. અહીંનો અવિસ્મરણીય નજારો જોઈને તમે આશ્ચર્યચકિત થઈ જશો.

પ્રવાસનામા
જયસ્વી પટેલ



૨. દિશખાલ :

દૂધપથરીના ટોચના પ્રવાસન સ્થળોમાંનું એક એટલે દિશખાલ. જ્યાં તમે ટ્રેકિંગ કરીને પહોંચી શકો છો. વિશાળ ઘાસના મેદાનો અને બરફથી ઢંકાયેલા પર્વતો એકસાથે એવો નજારો રજૂ કરે છે કે, જાણે તમે કોઈ વિદેશી સ્થળે ફરતા હોવ. પ્રકૃતિ પ્રેમીઓએ તો આ સ્થળ બિલકુલ ચૂકવું ના જોઈએ.

૩. તાંગર :

અહીંના તાંગર ગામથી દૂધપથરીનો તમારો પ્રવાસ શરૂ કરો. તાંગર એક નાનું પણ ખૂબ સુંદર ગામ છે. તાંગર ગામ ચારે બાજુથી પહાડ, પાઈન અને દિયોદરના જંગલથી ઘેરાયેલું હરિયાળું ગામ છે. તમે અહીં કેમ્પિંગ, ટ્રેકિંગ અને ફોટોગ્રાફી જેવી ઘણી બધી મનોરંજક પ્રવૃત્તિનો આનંદ માણી શકો છો.

દૂધપથરી ફરવા માટેનો શ્રેષ્ઠ સમયગાળો :

જો તમે દૂધપછરીનો અદ્દ્ભુત નજારો જોવા-માણવા માગતો હો, તો મે થી સપ્ટેમ્બર મહિના દરમિયાન કોઈપણ સમયે જઈ શકો છો. આ સમયગાળામાં બહુ ઠંડી હોતી નથી, એટલે કે તમે આરામદાયક કપડાં પહેરીને ફરવાની મોજ-મજા માણી શકો છો. હિમવર્ષાના કારણે શિયાળામાં મુસાફરી કરવી મુશ્કેલ બની શકે છે.

દૂધપથરી કેવી રીતે જશો ? :

- ફ્લાઈટથી : જો તમે ફ્લાઈટથી દૂધપથરી જવા માગતો હો, તો તમારે પહેલાં શ્રીનગર જવું પડે. ત્યાંથી તમને દૂધપથરી જવા માટે કાર કે ટેક્સી મળી રહેશે.

- ટેક્સીથી : જો તમે શ્રીનગરથી સીધા દૂધપથરી જવા માગતા હો, તો શ્રીનગર બડગામ થઈને દૂધપથરી પહોંચી શકશો. તમે એકલાં કે શેરિંગથી ટેક્સીમાં જઈ શકશો.

- બસથી : શ્રીનગરથી દૂધપથરી જવા માટે કોઈ સીધી બસ મળતી નથી. દૂધપથરી જવા માટે લાલ ચોકથી બડગામ જવા બસ મળશે. પછી બડગામથી ખાનસાહિબ સુધી જવા માટે તમારે બસ બદલવી પડશે, ત્યાંથી તમને દૂધપથરી માટે કેબ મળી શકશે.

sanjogpurti@gmail.com





# પરપોટાને પકડી લઉં!

Meta AI

પિંકીને રંગબેરંગી વસ્તુઓ ખૂબ ગમતી. એક દિવસ તેના દાદાએ તેને એક નાની બોટલ ભેટમાં આપી અને કહ્યું, "બેટા પિંકી, આજે હું તારા માટે સરસ મજાની વસ્તુ લાવ્યો છું. તને રમવાની ખૂબ મજા પડશે! આ લે... આમાંથી જાદુઈ પરપોટા બનશે. તું ફૂંક મારીશ એટલે પરપોટા નીકળશે ને ઊડશે. જા રમ અને મજા કર."

દાદાની અનોખી ગિફ્ટ જોઈ પિંકી રાજીરાજી થઈ ગઈ. તેણે તરત બોટલ ખોલી અને નાની લાકડીમાં ફૂંક મારી. જેવી એણે ફૂંક મારી નાના-મોટા પરપોટા હવામાં આમતેમ ઊડવા લાગ્યા. કેટલાક નાના, કેટલાક મોટા અને કેટલાક તો ઝાડની ડાળીઓ સુધી પહોંચી ગયા. થોડી વારમાં આખું આંગણું પરપોટાઓથી ભરાઈ ગયું.



રે વાર્તા!
મનીષ સુથાર

સૂરજનાં કિરણોમાં પરપોટા સરસ ચમકતા હતા. પિંકીને થયું લાવને આ પરપોટાને મારા હાથમાં પકડી લઉં.

એણે સટાક કરતાં પરપોટાને મુઠ્ઠીમાં પકડી લીધો. એણે મુઠ્ઠી ખોલી. એને નવાઈ લાગી. પરપોટો અદૃશ્ય થઈ ગયો હતો. એણે હાથ આમતેમ કરી જોયું. પણ પરપોટો હતો જ નહીં. પિંકીને થયું, લાવને ફરી પકડી જોઉં. એણે પેલી બોટલમાં નાની લાકડી ઝબોળી ફરી ફૂંક મારી. જેવી એણે ફૂંક મારી નાના-મોટા પરપોટા હવામાં આમતેમ ઊડવા લાગ્યા. એણે સટાક કરતાં પરપોટાને ફરી મુઠ્ઠીમાં પકડી લીધો. એણે બંધ મુઠ્ઠી ખોલી પણ આ શું! પરપોટો ફરી ગાયબ. પિંકી પરપોટા બનાવે, પકડે પણ પરપોટો ગાયબ થઈ જાય.


પિંકીએ પરપોટાને પકડવા ઘણા પ્રયત્ન કર્યા પણ પરપોટો ગાયબ થઈ જતો. પિંકીને કાંઈ સમજાતું નહોતું. એ તો ગઈ દાદા પાસે. એણે દાદાને ફરિયાદ કરતાં બધી વાત કહી. પિંકીની વાત સાંભળી દાદા ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા, "બેટા, એમ તે પરપોટાને પકડાતો હશે! એ તો હોય જ નાજુક ! થોડીવારમાં ફટ્ટ કરતો ફૂટી જાય. જરાક એને અડો એટલે એ ફટ્ટ કરતો ફૂટી જ જાય. તને એમ કે મુઠ્ઠીમાં પકડી લઉં. પણ એમ કાંઈ પરપોટો હાથમાં આવે ખરો ! એ તો ફૂટી જ જાય. અને તને એમ કે પરપોટો ગાયબ થઈ ગયો."

દાદાની વાત સાંભળી પિંકીને નવાઈ લાગી અને ખડખડાટ હસી પડી. દાદા પણ હસ્યા. "જા બેટા, ફૂંક માર અને પરપોટા ઊડાડ. અને હા, પરપોટાને મુઠ્ઠીમાં પકડી મારી પાસે લઈ આવજે." દાદાની વાત સાંભળી પિંકી હસી ને બોલી, "તમેય શું મારી મજાક કરો છો દાદા. લો... હું તો આ ચાલી પરપોટાને ઊડાડવા." એમ કહેતી એ પરપોટા સાથે રમવા માંડી.

Mo 9099172177

# વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૩ ભારતમાં, દિલ્હી સૌથી પ્રદૂષિત રાજધાની

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૧



એક નવા અહેવાલ મુજબ, વિશ્વના ટોચના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૩ ભારતમાં છે. પ્રદૂષિત શહેરોની આ યાદીમાં આસામના બુર્નિહાટનું નામ ટોચ પર છે. સ્વિસ એર ક્વોલિટી ટેકનોલોજી કંપની આઈક્યુએર દ્વારા રજૂ કરાયેલા વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ ૨૦૨૪માં જણાવાયું છે કે દિલ્હી વૈશ્વિક સ્તરે સૌથી પ્રદૂષિત રાજધાની શહેર છે, જ્યારે ભારત ૨૦૨૪માં વિશ્વનો પાંચમો સૌથી પ્રદૂષિત દેશ બનવાની તૈયારીમાં છે. તમને જણાવી દઈએ કે આ યાદીમાં ભારત ૨૦૨૩ માં ત્રીજા નંબરે હતું. દિલ્હીમાં સતત ઉચ્ચ પ્રદૂષણ સ્તર નોંધાયું છે.વાર્ષિક સરેરાશ પીએમ ૨.૫ સાંદ્રતા ૯૧.૬ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર હતી, જે ૨૦૨૩ માં ૯૨.૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર પર પહોંચી ગઈ છે. વિશ્વના ટોચના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ૧૩ ભારતીય શહેરોનો સમાવેશ થાય છેઃ બુર્નીહાટ, દિલ્હી, મુલ્લાનપુર (પંજાબ), ફરીદાબાદ, લોની, નવી દિલ્હી, ગુડગાંવ, ગંગાનગર, ગ્રેટર નોઈડા, ભીવાડી, મુઝફ્ફરનગર, હનુમાનગઢ અને નોઈડા. એકંદરે, ૩૫ ટકા ભારતીય શહેરોમાં વાર્ષિક PM2.5 MŒh WHO ની ૫ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની મર્યાદા કરતાં ૧૦ ગણા વધારે છે. ભારતમાં વાયુ પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે અને તેના કારણે, સરેરાશ ભારતીયનું આયુષ્ય લગભગ ૫.૨ વર્ષ ઘટી જાય છે.

# પાકિસ્તાન શર્મસાર : પાક.રાજદૂતને અમેરિકામાં પ્રવેશવાની મંજૂરી ન મળી

**જરૂરી દસ્તાવેજો હોવા છતાં ડિપોર્ટ કરી દેવાયા**

વોશિંગ્ટન,તા.૧૧



પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તરે શરમજનક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે. એવા સમાચાર સામે આવ્યા છે કે પાકિસ્તાનના રાજદૂતને અમેરિકામાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી નહીં અને તેમને ડિપોર્ટ કરી દેવામાં આવ્યા છે. જોકે, તેને લઈને અમેરિકા કે પાકિસ્તાનની સરકાર તરફથી કોઈ ઓફિશિયલ સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું નથી. રાજદૂત વગાન પાસે માન્ય યુએસ વિઝા અને તમામ જરૂરી મુસાફરી દસ્તાવેજો પણ હતાં. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે રાજદૂત કે કે એહસાન વગાનને અમેરિકાના લોસ એન્જેલિસ એરપોર્ટથી પાછા મોકલી દેવામાં આવ્યા છે. તેમની પાસે માન્ય વિઝાથી લઈને દરેક ડોક્યુમેન્ટ્સ હોવા છતાંય આ કાર્યવાહી કરવામાં આવી છે. તેઓ અમેરિકામાં રજા મનાવવા પહોંચ્યા હતા અને આ દરમિયાન ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને રોકી દીધા અને કાર્યવાહી કરી હતી. આ ઘટના અંગે વિદેશ મંત્રી ઈશાક ડાર અને વિદેશ સચિવ અમીના બલોચને જાણ કરવામાં આવી છે. વિદેશ મંત્રાલયે લોસ એન્જલસમાં પાકિસ્તાની વાણિજ્ય દૂતાવાસને આ મામલે તપાસ કરવા કહ્યું છે

# ખુલાસો : બોડેલીમાં બલી માટે નહી અંગત અદાવતમાં બાળકીની હત્યા કરાઈ

છોટા ઉદેપુર,તા.૧૧


સમગ્ર રાજયમાં જબરી અરેરાટી સર્જનાર અને અંધશ્રદ્ધા તેમજ ભુવા-આખડી જેવા કૃત્યોને ઉજાગર કરનાર છોટા ઉદેપુરની બાળકીની બલી ચડાવવાની ઘટનામાં નવો વળાંક આવ્યો છે. આ પાંચ વર્ષની બાળકીની બલી ચડાવવા નહી પણ અંગત અદાવતમાં હત્યા થઈ છે. છોટા ઉદેપુર પોલીસે ગણતરીના કલાકોમાં આ ભેદ ઉકેલી નાખ્યો છે અને બાળકની બલી નહી હત્યા જ કરવામાં આવી છે.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના પાણેજ ગામમાં ૫ વર્ષની બાળકીની બલિ ચડાવી દેવામાં આવી છે તે ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનાએ ગામલોકો સહિત પોલીસ તંત્રને પણ હચમચાવી દીધું. ત્યારે આજે આ મામલે પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો. પોલીસે એવો દાવો કર્યો છે કે, અંગત અદાવતમાં બાળકીની હત્યા કરવામાં આવી છે.

# ઓડિશા વિધાનસભામાં ભાજપ-કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે શાબ્દિક દલીલી બાદ ઝપાઝપી

(એચ.એસ.એલ),ભુવનેશ્વર,તા.૧૧

મંગળવારે ઓડિશા વિધાનસભામાં ભારે હોબાળો થયો. પ્રશ્નકાળ દરમિયાન, ભાજપના ધારાસભ્ય જયનારાયણ મિશ્રા અને કોંગ્રેસના ધારાસભ્ય તારા પ્રસાદ બહિનીપતિ વચ્ચે ઉગ્ર દલીલ થઈ. સૂત્રોના જણાવ્યા અનુસાર, શાબ્દિક ઝઘડો ટૂંક સમયમાં જ ઝપાઝપીમાં ફેરવાઈ ગયો, જેનાથી ગૃહમાં હાજર અન્ય સભ્યો ચોંકી ગયા. કોંગ્રેસના ધારાસભ્ય બહિનીપતિએ આરોપ લગાવ્યો કે જયનારાયણ મિશ્રાએ પહેલા તેમનો કોલર પકડ્યો, પરંતુ પછીથી તેમની પાસેથી કોઈ ટિપ્પણી મળી શકી નહીં.



આ ઘટનાને કારણે ઓડિશા વિધાનસભામાં અંધાધૂંધી ફેલાઈ ગઈ, જેના કારણે સ્પીકરને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે દરમિયાનગીરી કરવાની ફરજ પડી. જોકે, હંગામો ચાલુ રહેતાં ગૃહની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. આ ઘટના પર નેતાઓની પ્રતિક્રિયાઓ પણ આવી છે. ઘણા નેતાઓએ આ અસ્તવ્યસ્ત વર્તનની ટીકા કરી છે. દરમિયાન, આ બાબતે વિધાનસભા અધિકારીઓ દ્વારા કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી. ગૃહમાં ધક્કામુક્કી થઈ, ધારાસભ્યો એકબીજા સાથે ઝપાઝપી કરી. ગૃહમાં હોબાળો થયો અને ભાજપ અને કોંગ્રેસના સભ્યો એકબીજાને ધક્કો મારતા જોવા મળ્યા.

# રાજ્યના ગામડાઓમાં તબીબો ઉપલબ્ધ થાય તે માટે સરકાર પ્રતિબધ્ધ : ઋષિકેશ પટેલ

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૧



આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે પીએચસી અને સીએચસી ખાતે વર્ગ-૨ ના તબીબો સંદર્ભે મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં જીપીએસસી મારફત સીધી ભરતી માટે કુલ ૧૯૨૧ જગ્યાઓની જાહેરાત કરાઈ છે. વર્ષ ૨૦૨૫માં તબીબો ઉપલબ્ધ થશે. વર્ષ ૨૦૨૪માં એમ.બી.બી.એસ. પૂર્ણ કરનાર ૩૧૩૬ ડૉકટર્સ પૈકી ૩૦૩૯ને બોન્ડેડ નિમણૂંક અપાયા છે. રાજ્યના તમામ ગામડાઓમાં તબીબોની ભરતી થાય તે માટે સરકાર પ્રતિબધ્ધ છે.

# બીલીમોરામાં ટ્રેનની અડફેટે આવેલ બે યુવકોની પોલીસે બારોબાર અંતિમવિધી કરી નાખતા પરિવારમાં આક્રોશ

નવસારી,તા.૧૧






નવસારીના બીલીમોરામાં ટ્રેનની અડફેટે બે યુવકોના મોત નિપજ્યા હતા. જેમાં યુવકોની ઓળખ કર્યા સિવાય પોલીસે અંતિમવિધિ કરવા ૨૪ કલાકની પણ રાહ ન જોતાં પરિવારમાં રોષ ફેલાયો છે. પરિવારે પોલીસ સમક્ષ ન્યાયની માગણી કરી છે.

બીલીમોરામાં ટ્રેનની અડફેટે આવતા બે યુવકોના મોત મામલે પરિવારનો રોષ ભભૂકી ઉઠ્યો છે. એક યુવકના ફોટા પરથી પરિવારજનોએ મૃતદેહની માંગ કરી છે. યુવકોની ઓળખાણ કર્યા સિવાય પોલીસે અંતિમવિધિ કરી દેતાં મૃતક યુવકના પરિવારજનો અને સમાજનો પોલીસ સામે રોષ જોવા મળ્યો હતો. પોલીસે અંતિમક્રિયા કરવા ૨૪ કલાકની પણ રાહ ન જોઈ. આ મામલે પોલીસે જણાવ્યું કે, લાશ ડિકમ્પોઝ હાલતમાં હોઈ અંતિમક્રિયા જરૂરી હતી. મૃત્યુ પામનાર બે પૈકી એક યુવકની હજુ પણ ઓળખ નથી થઈ. મૃતકના પરિવારે ન્યાયની માંગ સાથે પોલીસને રજુઆત કરી છે. હાલ, પરિવારમાં માતમ છવાયો છે.

# અમરેલી નગરપાલિકા દ્વારા આયોજીત લોકડાયરામાં ફક્ત ગણ્યાંગાંઠયા લોકો જ હાજર

અમરેલી, તા.૧૧




અમરેલી નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત અચાનક જ લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલિકા દ્વારા આયોજીત આ લોકડાયરામાં શહેરીજનો ઉપસ્થિત ન રહ્યા હતા. અને ફક્ત પાલિકાના જ આરોગ્ય વિભાગનાં કર્મચારીઓ હાજર રહ્યા હતા. મહત્વની બાબત તો એ છે કે, નગરપાલિકાનાં પ્રમુખ અને સદસ્યો તથા ચીફ ઓફિસર પણ આ લોકડાયરામાં હાજર રહ્યાં ન હતા. લોકોનાં પૈસે કરાતા આવા તાઈફામાં લોકો જ હાજર ન રહેતા નગરપાલિકાના આયોજન પર સવાલો ઉઠ્યા છે. ડાયરામાં થયેલ ખર્ચ માટે કેટલું બિલ ચૂકવાશે તે પણ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. અમરેલી નગરપાલિકાનાં દ્વારા આવા અણધડ આયોજનનાં કારણે લોકોનાં પૈસાનો વેડફાટ પણ થયો હતો. જો પાલિકા દ્વારા યોગ્ય આયોજન કરવામાં આવ્યું હોત તો સ્વચ્છ ભારત મિશનનો સંદેશ લોકો સુધી યોગ્ય રીતે પહોંચી શકત.

# કોડીનારમાં વ્યાજખોરોના ત્રાસથી આધેડનો ઝેરી દવા પી આપઘાત

**મૃતકના ભાઈએ ત્રણ લોકો સામે પોલીસ ફરીયાદ નોંધાવી**

કોડીનાર,તા.૧૧

કોડીનારના અંબુજાનગરમાં રહેતા ૫૪ વર્ષીય હિપાભાઈ કનાળાએ વ્યાજખોરોના ત્રાસથી વેરાવળમાં ઝેરી દવા પી આપઘાત કર્યો છે. મૃતકના ભાઈ ધીરુભાઈની ફરિયાદ પરથી આરોપીઓ મેણસી અને અરજણ સોલંકી બંને રહે. સિંધાજ તેમજ આરીફ મેમણ રહે. કોડીનાર સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, હિપાભાઈએ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન કુલ ૩૯ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. તેમણે વ્યાજ સહિત ૯૦.૯૩ લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. આમ છતાં આરોપીઓએ વધુ પૈસાની માગણી કરી હતી. ૨ માર્ચના રોજ હિપાભાઈ વેરાવળમાં તેમના સાઢુભાઈના ઘરે આવ્યા હતા. બીજા દિવસે તેમણે પરિવારજનોને જણાવ્યું કે વ્યાજના કારણે મુશ્કેલીમાં છે. માવો ખાવા જવાના બહાને બહાર નીકળી તેમણે ઝેરી દવા પી લીધી હતી. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતુ.

# દડવાથી અમરેલી આવી રહેલ મરચા ભરેલાં આઈશરમાં આગ લાગી

અમરેલી, તા.૧૧



દડવાથી અમરેલી તરફ આવી રહેલ આઈશરમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આ આઈશરમાં અંદાજે ૪૦૦૦ કિલો મરચા ભરેલા હતા. જે આગના કારણે બળીને ખાખ થઈ ગયા હતા. જેનાં કારણે ૩.૫ લાખથી વધુનું નુકશાન થવા પામ્યું હતું. આ આગમાં મરચાનાં ધુવાડાનાં કારણે એક વ્યક્તિને અસર થતાં સારવાર અર્થે ખસેડાયા હતા. ફાયર ફાઈટર ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

# લીલીયા પોલીસ સ્ટેશનમાં ધુળેટીના તહેવારને લઈ શાંતિ સમિતિની બેઠક મળી

લીલીયા,તા.૧૧



લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે આગામી સમયમાં હોળી ધૂળેટીના તહેવાર દરમિયાન કાયદો વ્યવસ્થાની જાળવણી અન્વયે પી.એસ.આઈ વાય. એમ.જાડેજાની આગેવાનીમાં વિસ્તારના આગેવાનો હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનોની હાજરીમાં શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવેલ. જેમાં આવનાર તહેવારો આનંદ ઉલ્લાસથી ઉજવણી થાય કોઈ કાયદો વ્યવસ્થા લગત પ્રશ્ન ન થાય તે અંગે સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા, સરપંચ જીવનભાઈ વોરા, કેપ્ટન ધામત, ભનુભાઈ ડાભી, પરિન સોની,ઘનશ્યામ મેઘાણી, સૈયદબાપુ કાદરી સહિતના બંને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.


**:: અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે રે. સ. નં. ૩૫, પૈકી પ્લોટ નં. ૭ પૈકી ની કુલ ૬૦-૦૦ ચો.મી. વાળી મીલકત આવેલ છે. જે મીલકત હાલ જયંતભાઈ ખુશાલદાસ ધોળકીયા, રહે. અમરેલીની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૨૯૯૬ તા. ૩૦/૧૧/૨૦૦૯ ના રોજના અસલ તથા તેની અસલ રજીસ્ટર્ડ રસીદ કે જે જયંતકુમાર ખુશાલદાસ ધોળકીયાના નામનો અસલ છે તે અસલમાં ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોક્ત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૫ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબધ હોય તો તે હકક- હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન - ૫ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૫ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૧૨/3/૨૦૨૫
અમરેલી.

અજય જે. રાઠોડ
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે,હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી
મો. નં.૯૮૨૪૯ 30૩૧૬


# નહેરૂ યુવા કેન્દ્ર અમરેલી અને ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ મહિલા મંડળ દ્વારા મહિલા દિનની ઉજવણી

અમરેલી, તા.૧૧




નહેરુ યુવા કેન્દ્ર અમરેલી કચેરી દ્વારા આયોજિત તથા શ્રી ગુર્જર ક્ષત્રિય મહિલા મંડળ દ્વારા સંચાલિત કાર્યક્રમ "આંતરરાષ્ટ્રીય મહિલા દિન" ની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંતશ્રી શ્યામજીબાપુની છબીને ફુલહાર અર્પણ કરી મહિલા મંડળ તથા પધારેલા મહેમાનો દ્વારા દીપપ્રાગટ્ય કરવામાં આવેલ હતું. બાદમાં પ્રવિણભાઈ બી. જેઠવા દ્વારા નહેરુ યુવા કેન્દ્ર અમરેલી કચેરીની કામગીરી વિશે માહિતી આપવામાં આવેલી હતી. મીનાક્ષીબેન પંડયા તથા રોશનીબેન મચ્છર દ્વારા સરકારી યોજના અંગેની માહિતી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં મિતાલીદીદી બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય તરફથી પધારેલ મહેમાનોને સમાજનાં ઘડતરમાં મૂલ્યવાન ફાળો આપનાર મહિલાઓ વિશે વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં ૬૦ બહેનોને પ્રોત્સાહક ઈનામો નેહરૂયુવા કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ તેમજ મહિલા મંડળ દ્વારા ત્રિવેણીબેન ચૌહાણનું પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવેલ હતા. કાર્યક્રમને સફળ બનાવવા ઉર્વીબેન ભરતભાઈ ટાંક, સોનલબેન પોરીયા, બિનલબેન ટાંક, શોભનાબેન પોરિયા, હેતલબેન ચોટલીયા તથા તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવેલ હતી.


# ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે ધાણાની મબલખ આવક, ૧૦ કિ.મી. લાંબી વાહનોની લાઈન

ગોંડલ,તા.૧૧


તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે ધાણાની મબલખ આવક નોંધાઈ હતી. યાર્ડના સત્તાધીશો દ્વારા ધાણા ની આવકની જાહેરાત કરતા યાર્ડ બહાર ગઈકાલ સવારથી જ અંદાજે ૨૫૦૦થી વધુ વાહનોની ૯ થી ૧૦ કી.મી. લાંબી લાઈનો લાગી જવા પામી હતી અને અંદાજે ૨ લાખથી વધુ ગુણી ધાણાની આવક થવા પામી હતી. માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા એ જણાવ્યું હતું કે ગોંડલ માર્કેટિંગ યાર્ડ એ ધાણાનું હબ ગણવામાં આવે છે. ત્યારે ગોંડકલ માર્કેટિંગ યાર્ડમાં આજે સિઝનની સૌથી મોટી અંદાજે ૨ લાખથી પણ વધુ ગુણી ધાણા ની આવક થવા પામી છે.

# ગુજરાતના ૯ જિલ્લાઓમાં ગરમીને લઈ રેડ એલર્ટ જાહેર કરતુ હવામાન વિભાગ



અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં માર્ચ મહિનાથી જ આકરી ગરમી શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા આજે ૯ જિલ્લામાં ગરમીનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, ગાંધીનગર, જૂનાગઢ અને પોરબંદરનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં તાપમાનનો પારો ૪૨થી ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. રાજ્યના મોટાભાગના સેન્ટરોમાં છેલ્લા ૩ દિવસથી ગરમીનો પારો ૩૮ ડિગ્રીથી નીચે ગયો નથી. અમદાવાદ શહેરમાં પડી રહેલી આકરી ગરમીના કારણે કોર્પોરેશને પણ હીટ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. તો સ્કૂલોમાં દર દોઢ કલાકે પાણી માટે બેલ વગાડવામાં આવશે. આ સાથે શહેરોના ટ્રાફિક સિગ્નલ સવારે ૧૧થી સાંજે ૫ સુધી બંધ રહેશે. આ વર્ષે ફેબ્રુઆરીમાં વારંવાર સક્રિય થયેલાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને માર્ચમાં સક્રિય થયેલી એન્ટિ સાઈક્લોનિક સરક્યુલેશનની સિસ્ટમની અસરથી માર્ચના પ્રથમ અઠવાડિયાથી જ શહેરમાં આકરી ગરમી શરૂ થઈ છે.

**સુરત પોલીસે ધારી આવી ભુવાને ઝડપી કડક કાર્યવાહી હાથ ધરી**

# ધારીના નવા ચરખા ગામના ભુવાએ સુરતમાં પરિણીતા પર દુષ્કર્મ આચર્યુ

**ભુવાને પકડી મુંડન કરી મોઢામાં ચંપલ મુકાવી માફી મંગાવી**



સુરત,તા.૧૧

સુરતના કાપોદ્રામાં પિતરાઈ ભાઈના ઘરે મહેમાન બનીને આવેલા ધારીના નવા ચરખા ગામના ભૂવા ભરત કુંજડિયાએ વિધિના બહાને પરિણીતા સાથે દુષ્કર્મ આચર્યાની ઘટનાથી રોષ ફાટી નીકળ્યો હતો. સુરત અને ધારીમાં આ ભૂવા માટે જનાક્રોશ જોવા મળી રહ્યો છે, જેના પગલે ફરાર થઈ ગયેલો ભૂવો વતન જતા લોકોએ તેને પકડીને અર્ધ મુંડન કરી મોઢામાં ચંપલ મુકાવી માફી મંગાવી હતી. જાન્યુઆરીમાં બનેલી હિચકારી ઘટના અંગે કાપોદ્રા પોલીસે ગુનો નોંધ્યો હતો. ત્યારબાદ અમરેલી પોલીસની એક ટીમને રવાના કરી આ ભૂવાને પકડી પાડવામાં આવ્યો છે. કાપોદ્રા વિસ્તારમાં રહેતી ૪૨ વર્ષીય પરિણીતાને ત્યાં અવારનવાર અમરેલીના ધારીના નવા ચરખા ગામે રહેતો ફઈજીનો દીકરો એવો ભૂવો ભરત કડવા કુંજડિયા આવતો જતો હતો. આ ભૂવો આ પરિવારનો સંબંધી જ થતો હોવાથી સુરતમાં કોઈ વ્યક્તિને ત્યાં વિધિ કરવા આવવાનું થાય ત્યારે અહીં પણ આવતો અને રોકાતો હતો પરિણીતા પર દુષ્કર્મ આચરવાનો મામલો ગંભીર હોવાથી ઈન્સ્પેક્ટર એમ.બી. ઔસુરાએ વધુ તપાસ હાથ ધરી એક ટીમ અમરેલી મોકલી હતી. કાપોદ્રા પોલીસની ટીમ આરોપી ભૂવાને પકડી સુરત લઈ આવી હતી. હાલ તો આરોપીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.






# રાજ્યની ધો. ૧થી ૫ની શાળાઓમાં ભરતીની માંગ સાથે ઉમેદવારોનું વિરોધ પ્રદર્શન



ગાંધીનગર,તા.૧૧

ગુજરાત રાજ્યની શાળાઓમાં ધોરણ ૧થી ૫ માં ટેટ-૧ પાસ શિક્ષક ભરતીમાં જગ્યા વધારવાની માગ સાથે વધુ એક વખત આજે ગાંધીનગર જીવરાજ મહેતા ભવન ખાતે ઉમેદવારોએ ભારે સૂત્રોચારો કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. છેલ્લા ઘણા વખતથી ઉમેદવારો જગ્યા વધારાની માગ સાથે સરકારમાં રજૂઆત કરતા આવ્યાં છે. જો કે, આજદિન સુધી માંગણીઓ સંદર્ભે કોઈ નિરાકરણ નહીં આવતાં ઉમેદવારો વિરોધ કરવા ઉમટ્યાં હતા. આ દરમિયાન પોલીસે ટીંગાટોળી કરી ઉમેદવારોને ડીટેઈન કરી લીધા હતા. આ વચ્ચે એક ઉમેદવારની તબિયત લથડી જતાં તેને સારવાર અર્થે લઈ જવાયો હતો.ઉમેદવારોએ જણાવ્યું હતું કે, લાયક ઉમેદવારો નોકરી માટે વર્ષો સુધી રાહ જુએ છે.





